

P.07

રશ્મિકા મંદાન્નાએ બે અભિનેતાઓને પોતાની સફળતાનો શ્રેય આપ્યો

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

P.07

અનુષ્કા શર્મા ઇન્ડસ્ટ્રીના ખાનથી ખૂબ જ ડરે છે, તેણે પોતે જ જણાવ્યું




www.lokpatrika.in  LOK PATRIKA  RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૨૬ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર સુદ ૧૫ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 126 • Dt. 15-12-2024 Sunday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


શંભુ બોર્ડર પર તણાવ । પોલીસે ખેડૂતો પર ટીયર ગેસના શેલ છોડ્યા

07




**15**
DECEMBER- 2024
SUNDAY



07

સંભલ જિલ્લામાં ૪૬ વર્ષ પછી ખુલ્યું મંદિર પોલીસકર્મીઓએ શિવલિંગની સફાઈ કરી






















CMYK

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬


## સુરેન્દ્રનગરમાં પિતા-પુત્ર પર તિક્ષ્ણ હથિયારથી હુમલો

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૧૪ ।

જિલ્લાના લીંબડી તાલુકાના નટવરગઢ ગામના એક જ પરિવારના સભ્યો વચ્ચે બોલાચાલીમાં થયેલ ઝઘડામાં એ જ પરિવારના દિકરાનો ભોગ લેવાયો હતો. જેથી સમગ્ર પંથકમાં ચકચાર ફેલાઈ હતી.મારામારીએ ઉગ્ર સ્વરુપ ધારણ કરી લેતા યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો જેનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ સમગ્ર ઘટનામાં ૨ લોકોને પણ ઈજાઓ પહોંચી હતી.સગીરે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંક્યાઃ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ લીંબડીના નટવરગઢ ગામમાં એક જ પરિવારના સભ્યો વચ્ચે બાળકને ઠપકો આપવા બાબતે બોલાચાલી થઈ હતી. જેનું ખૂબ જ ગંભીર પરિણામ આવ્યું હતું. સગીરને સમજાવવા માટે જ્યારે યુવક આદર્શ અને તેના પિતા અને ગામના સરપંચ કરમશીભાઈ કાલિયાએ સગીરને ઠપકો આપવા જતા મામલો મારામારા સુધી પહોંચ્યો હતો.

## સુરતમાં વધુ એક ધારાસભ્યનો લેટર બોમ્બ, સુવિધાનો અભાવ

। પ્રતિનિધિ, સુરત, તા.૧૪ ।

સુરતમાં વધુ એક ધારાસભ્યના લેટર બોમ્બથી ખળભળાટ મચ્યો છે. શહેરના પૂર્વ વિધાનસભાના ધારાસભ્ય અરવિંદ રાણાએ સુવાધાના અભાવને લઈને મેયરને પત્ર લખી વ્યથા ઠાલવી.ધારાસભ્ય અરવિંદ રાણાએ પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે સેન્ટ્રલ ઝોનમાં સાર્વજનિક સુવિધાનો મોટો અભાવ છે, જેના કારણે લોકો હિજરત કરવા મજબૂર બન્યા છે. ધારાસભ્યએ આ સાથે તેમના પત્રમાં ખાડા પડેલ રોડનો ઉપયોગ કરવા લોકો મજબૂર હોવાનો ઉલ્લેખ કરી શહેરના તમામ રોડ આરસીસી કરવાની માંગ કરી છે.ધારાસભ્ય અરવિંદ રાણાએ મેયર દક્ષેશ માવાણીને લખેલ પત્રમાં વ્યથા ઠાલવતાં લખ્યું કે છેલ્લા ૩૪ વર્ષથી સુરતમાં ભાજપનું શાસન હોવા છતાં મોટાપાયે પ્રાથમિક સુવિધાનો અભાવ જોવા મળ્યો છે. શહેરીજનો રોડ, પાણી અને ટ્રાફિક જેવી અનેક સામાન્ય સમસ્યાનો સામનો કરી રહ્યા છે.

### આગામી ૪૮ કલાકમાં હાડ થીજવતી ઠંડીની શક્યતા

# ગુજરાતીઓને નહીં મળે હાડ થીજવતી ઠંડીથી રાહત ! કાતિલ ઠંડી સાથે માવઠાની આગાહી

### દક્ષિણ ગુજરાતના અનેક ભાગોમાં કમોસમી વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી

। પ્રતિનિધિ,અમદાવાદ, તા.૧૪ ।

હવામાન વિભાગની આગાહી અનુસાર ગુજરાતમાં કાતિલ ઠંડી પડે તેવી શક્યતા છે. આગામી દિવસોમાં ઠંડીમાંથી રાજ્યવાસીઓને રાહત મળે તેવી સંભાવના છે. આગામી સાત દિવસ વાતાવરણ શુષ્ક રહેશે. પવનની દિશા ઉત્તર પૂર્વથી પૂર્વ તરફના પવનો ફુકાય તેવી આગાહી કરવામાં આવી છે.બીજી તરફ આગામી ૪૮ કલાકમાં હાડ થીજવતી ઠંડીની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તો જાન્યુઆરી મહિનામાં હવામાન પલટાય તેવી પણ આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના અનેક ભાગોમાં કમોસમી વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. મકર સંક્રાંતિમાં કેટલાક વિસ્તારોમાં અતિભારે પવનો ફૂંકાઈ શકે છે.



માવઠાની સાથે-સાથે હાડ થીજવતી ઠંડીની પણ આગાહી કરવામાં આવી છે.હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીએ આગાહી કરી છે કે ગુજરાતમાં આગામી ૧૫ ફેબ્રુઆરી સુધી ઠંડીનું જોર યથવાત રહેશે. ગુજરાતવાસીઓએ ૧૫ ફેબ્રુઆરી સુધી શિયાળાની ઠંડીનો એહસાસ કરવો પડશે. જેમ ગરમી અને ચોમાસું લાંબુ રહ્યું એ જ રીતે શિયાળો પણ લાંબો ચાલશે. ડિસેમ્બર ૧૪થી ૧૯ તારીખ સુધી તાપમાનનો પારો ૨ ડિગ્રી સુધી વધી શકે છે. ૧૯ તારીખથી તાપમાનનો પારો ફરીથી ઘટશે અને ઠંડીનો એહસાસ વધશે.ડિસેમ્બર મહિનામાં આંશિક રીતે માવઠું પડે એવી શકયતાઓ દેખાઈ રહી છે. અમુક વિસ્તાર પૂરતું મર્યાદિત આ માવઠું હોઈ શકે છે, અન્ય માવઠાનો રાઉન્ડ જાન્યુઆરીમાં પણ આવી શકે છે. જે માટે આગામી સમયમાં જાહેરાત કરવામાં આવશે. ડિસેમ્બર અને જાન્યુઆરી દરમિયાન તાપમાનનો પારો નીચો રહેશે જ્યારે ફેબ્રુઆરીમાં તાપમાન ઠંડુ રહેશે પણ તાપમાન બે મહિનાની સરખામણીએ ઊંચું રહેશે.રાજ્યમાં શિયાળાની જમાવટ થઈ છે. કાતિલ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ૬ ડિગ્રી તાપમાન સાથે નલિયા ગુજરાતનું સૌથી ઠંડુ શહેર છે. ડીસામાં ૯.૧ ડિગ્રી, રાજકોટમાં ૧૦.૬ ડિગ્રી તાપમાન, ભુજમાં ૧૧.૨ ડિગ્રી, અમદાવાદમાં ૧૨.૫ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. ૧૨ શહેરોમાં લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રીથી નીચે છે. અમદાવાદ સહિત અનેક શહેરોના મહત્તમ તાપમાનમાં પણ ઘટાડો થયો છે. અમદાવાદમાં દિવસ દરમિયાન ૨૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાયો છે. શીતલહેર વચ્ચે દિવસે પણ ભારે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર ગુજરાતમાં કાતિલ ઠંડી પડે તેવી શક્યતા છે. આગામી દિવસોમાં ઠંડીમાંથી રાજ્યવાસીઓને રાહત મળે તેવી સંભાવના છે. આગામી સાત દિવસ વાતાવરણ શુષ્ક રહેશે. પવનની દિશા ઉત્તર પૂર્વથી પૂર્વ તરફના પવનો ફુકાય તેવી આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના અનેક ભાગોમાં કમોસમી વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.

## ભાવનગરમાં વ્યાજખોરોના ત્રાસ, યુવકની નિર્મમ હત્યા થતાં પરિવાર રોળાયો !

। પ્રતિનિધિ,ભાવનગર, તા.૧૪ ।

ભાવનગરમાં વ્યાજખોરોના ત્રાસમાં યુવકની નિર્મમ હત્યા કરવામાં આવી. શહેરમાં રત્નકલાકાર યુવકની રૂપિયાની લેતી-દેતીમાં હત્યા થતા પરિવાર શોકનો માહોલ છવાયો. રત્નકલાકાર યુવકે થોડા સમય અગાઉ બે શખ્સ પાસેથી વ્યાજે રૂપિયા લીધા હતા. બંને શખ્સ દ્વારા પઠાણી ઉઘરાણી કરાતા યુવક સાથે ઝગડો કર્યો અને બાદમાં તેની હત્યા કરી ફરાર થઈ ગયા. પોલીસે યુવકની હત્યા કરનાર આરોપીની ઝડપી લઈ ધરપકડ કરી.મળતી માહિતી મુજબ ભાવનગરમાં રત્ન કલાકાર યુવકની હત્યા થઈ હતી. શહેરમાં પ્રદીપ ઉર્ફે ઘુઘા નામના યુવકની હત્યાનો ભેદ ઉકેલાયો. યુવકની હત્યા મામલાની પોલીસ દ્વારા સઘન તપાસ કરવામાં આવી. તપાસમાં સામે આવ્યું કે રૂપિયાની લેતી-દેતીને લઈને યુવકની હત્યા કરવામાં આવી છે. બંને શખ્સો પાસેથી યુવક પ્રદીપે ૬ મહિના પહેલા વ્યાજે રૂપિયા લીધા હતા.રત્ન કલાકાર યુવકે પોતાની જરૂરિયાતને લઈને બે શખ્સ પાસેથી ૫૦ હજાર રૂપિયા ઉછીના લીધા હતા. આ બે શખ્સ લોકોને પૈસા વ્યાજે આપતા હતા.જો કે યુવક પ્રદીપ પાસેથી બંને વ્યાજખોરોએ રૂપિયા પાછા મેળવવા પઠાણી ઉઘરાણી કરી. પ્રદીપ પાસે જોઈએ તેટલા રૂપિયા ના હોવાથી થોડો સમય માંગ્યો. દરમ્યાન વ્યાજખોરો સાથે યુવકને રૂપિયા આપવા મામલે બબાલ થઈ.

### છેલ્લા ૧ અઠવાડિયામાં વાહન ચેકિંગની સઘન કામગીરી કરવામાં આવી

## ગાંધીનગર જિલ્લામાં ભૂસ્તર વિભાગનો સપાટો । ૧૦ વાહનો જપ્ત કરી ૨.૩૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૧૪ ।

ગાંધીનગરજિલ્લાના મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીની ટીમ તેમજ ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ વિભાગની ક્ષેત્રીય ટીમ દ્વારા જિલ્લામાં છેલ્લા ૧ અઠવાડિયામાં વાહન ચેકિંગની સઘન કામગીરી કરવામાં આવી હતી. જેમાં સાદી રેતી – માટી ખનિજના બિનઅધિકૃત વહન કરતાં ૧૦ વાહનો જપ્ત કરી રૂ. ૨.૩૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી લેવાયો છે. જેમાં ૬ વાહનો અને ઓવરલોડ ખનિજના વહન કરતાં ૪ વાહનો એમ કુલ ૧૦ વાહનો જપ્ત કરાયા છે.ગાંધીનગર પાસે ભાટથી સાદી માટીનો ઓવરલોડ જથ્થો ભરેલ ડમ્પર તેમજ કલોલ તાલુકાના હાજીપુર ગામ ખાતેથી સાદી રેતીનું રોયલ્ટી પાસ વગર બિનઅધિકૃત વહન કરતાં ડમ્પરને ઝડપી લેવાયું હતું. એજ રીતે વાવોલ, દોલારાણા વાસણા, પેથાપુર, મોટા ચિલોડા, ઉનાવા, પિપળજથી પણ ટ્રેક્ટર – ડમ્પર મળીને અન્ય ૮ વાહનો પકડીને કુલ રૂ. ૨.૩૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ભૂસ્તરશાસ્ત્રીની ટીમે જપ્ત કરેલ વાહનોના વાહનમાલિકો વિરૂધ્ધ ગુજરાત મિનરલ નિયમો-૨૦૧૭ ના નિયમો હેઠળ દંડકીય કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે.ઉપરાંત ઓક્ટોબર-૨૦૨૪થી આજ દિન સુધી ખનિજના બિનઅધિકૃત ખનન/વહન/સંગ્રહના કુલ ૧૦૩ કેસો કરી ૭૯.૩ લાખની વસૂલાત કરાઈ છે. તેમજ ચાલુ વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન ખનિજના બિનઅધિકૃત ખનન/વહન/સંગ્રહના કુલ ૨૧૯ કેસો કરી ૨૧૭.૬૭ લાખની વસૂલાત કરવામાં આવી છે. તેમજ ૧૫૯૯.૩૨ લાખની દંડકીય રકમની ખનિજના બિનઅધિકૃત ખનન સબબની કુલ બે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ગાંધીનગરજિલ્લાના મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીની ટીમ તેમજ ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ વિભાગની ક્ષેત્રીય ટીમ દ્વારા જિલ્લામાં છેલ્લા ૧ અઠવાડિયામાં વાહન ચેકિંગની સઘન કામગીરી કરવામાં આવી હતી. જેમાં સાદી રેતી – માટી ખનિજના બિનઅધિકૃત વહન કરતાં ૧૦ વાહનો જપ્ત કરી રૂ. ૨.૩૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી લેવાયો છે.

## પોરબંદરમાં માછીમારો માટે કોસ્ટગાર્ડ તારણહાર બન્યું

। પ્રતિનિધિ, પોરબંદર, તા.૧૪ ।

પોરબંદરમાં માછીમારો માટે કોસ્ટગાર્ડ તારણહાર બન્યું. મધદરિયે માછીમારો ફસાઈ ગયા હતા. બોટમાં આશરે સાતથી વધુ માછીમારો હતા. દરિયામાં માછીમારોની બોટ હાલક-ડોલક થતી હતી. ત્યારે કોસ્ટગાર્ડની તાત્કાલિક મદદ મળી જતા તમામને બચાવવામાં સફળતા મળી.મળતી માહિતી મુજબ પોરબંદરના દરિયામાં રાબેતા મુજબ માછીમારો બોટની સવારીમાં માછીમારી પર નીકળ્યા હતા. ત્યારે દરિયામાં અચાનક વાતાવરણ બદલાયુ અને દરિયો ઉછાળો મારવા લાગ્યો. મધદરિયે માછીમારોની બોટમાં ખામી સર્જાઈ જેના કારણે તેમની બોટ હાલક-ડોલક થવા લાગી. આ સ્થિતિની માછીમારોએ કોસ્ટગાર્ડને જાણ કરી અને તાત્કાલિક રેસ્કૂય ટીમ મોકલવામાં આવી. કોસ્ટગાર્ડ દ્વારા માંગરોળ બંદરની બોટમાં સવાર ૭ ખલાસીઓને રેસ્કયૂ કરી બચાવવામાં આવ્યા. કોસ્ટગાર્ડ માછીમારોના તારણહાર બન્યા.

## સાસરે વિદાયના બે દિવસ પહેલા કન્યાનું મોત

। પ્રતિનિધિ, સુરત, તા.૧૪ ।

વિધિના વિધાન તો જુઓ. જે ઘરમાં લગ્ન ગીતો ગવાતા હતા, ત્યાં હવે મરસિયા ગાવાનો સમય આવ્યો. જ્યાં લીલા તોરણ બાંધીના જાનના આવવાની રાહ જોવાઈ રહી હતી, ત્યાં હવે માતમ છવાયો છે. સુરતની એક દીકરીનું તેના લગ્નના બે દિવસ પહેલા જ મોત નિપજ્યું છે. રોગચાળાને કારણે યુવતીનું મોત થતા એકસાથે બે પરિવારોમાં માતમ છવાયો છે. સુરતમાં લગ્નના બે દિવસ પહેલા જ કન્યાનું મોત નિપજ્યું છે. કાજલ રાઠોડ નામની યુવતીનું ઝાડા ઉલટી બાદ મોત થતા પરિવાર શોકમગ્ન બન્યો છે. કાજલ રાઠોડના પરિવારમાં લગ્નના ગીતનો આનંદ માતમમાં ફેરવાયો છે. શનિવારે આહીર સમાજ દ્વારા આયોજિત સમૂહ લગ્નમાં કાજલ લગ્નગ્રંથિથી જોડાવાની હતી. પરંતુ અચાનક તેની તબિયત લથડતા તેને સ્મીમેર હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાઈ હતી.




### ૫૬૦૦૦ ની. રોયલ્ટી ભરવાની શરતે મંજુરી આપવામાં આવી હતી

# ગીર સોમનાથ જિલ્લાના બરોલા ગામ માટી કૌભાંડમા સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર સામે કાર્યવાહી

**નેશનલ હાઇવેના કામ માટે અમદાવાદના સુત્રાપાડાના બરૂલા ગામના તળાવમાંથી માટી કાઢવાની પરવાનગી આપવામાં આવી હતી**



। પ્રતિનિધિ, ગીરસોમનાથ,તા.૧૪ ।

આખરે ગીર સોમનાથ જિલ્લા કલેકટરે ઓક્ટોબર-૨૦૨૪ના પત્ર દ્વારા ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના બરૂલા ગામના તળાવમાંથી પાણી ઉપાડવાની નેશનલ હાઈવેની કોન્ટ્રાક્ટર કલાથિયા એન્જીનીયરીંગ કંપનીને કાર્યપાલક ઈજનેર સુનિલ રાઠોડ દ્વારા પરવાનગી આપી છે. જિલ્લા પંચાયતના સિંચાઈ વિભાગ, નેશનલ હાઈવેના કામ માટે બાફુલા ગામના તળાવમાંથી માટી કાઢવા) અને વધુ સચિવ નર્મદા જલ સંપ તિ પાણી પુરવઠા ગાંધીનગરે કરોડો રૂપિયાની રોયલ્ટી ચૂકવી ન હોવાની આધારભૂત પુરાવા સાથે સચિવને જાણ કરી છે અને ગાંધીનગર સ્થિત તળાવમાંથી માટી કાઢવાની પરવાનગી આપવા બદલ આ સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર સામે પગલાં લેવા જણાવ્યું છે. સુત્રાપાડા તાલુકાનું બરૂલા ગામ ગીર સોમનાથનો પંચાયત વિભાગ છે.ખાણ અને ખનિજ વિભાગને ખાણકામની મંજૂરી આપવાની સત્તા છે ત્યારે સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર સુનિલ રાઠોડે સુજલામ સુફલામ યોજના હેઠળ પ્રોજેક્ટ શરૂ થાય તે પહેલા ખોટો દાવો કરીને કલથિયા એન્જિનિયરિંગ એન્ડ કન્સ્ટ્રક્શન કંપનીને કોન્ટ્રાક્ટ આપ્યો હતો. ૨૩-૧૨-૨૩ થી ૩૧-૧-૨૪ દરમિયાન નેશનલ હાઈવેના કામ માટે અમદાવાદના સુત્રાપાડાના બરૂલા ગામના તળાવમાંથી માટી કાઢવાની પરવાનગી આપવામાં આવી હતી.

જેમાં તળાવના પાળાને નુકસાન ન થાય તે રીતે માટીનું ખોદકામ કરવાનું હતું, પરંતુ કલથીયા એન્જીનીયરીંગ કંપનીએ ચોમાસામાં ભારે વરસાદના કારણે તળાવના પાળાને નુકસાન પહોંચાડ્યું હતું.કોન્ટ્રાક્ટર અને સિંચાઈ વિભાગના અધિકારીની મિલીભગતથી થયેલો ભ્રષ્ટાચાર પ્રકાશમાં આવ્યો હતો અને ભારે વરસાદના કારણે તળાવના પાળાને નુકસાન થવાનું શરૂ થતાં જ પાળાનું સમારકામ કરવામાં આવ્યું હતું. જો સમયસર પાળાનું સમારકામ કરવામાં ન આવ્યું હોત તો બરૂલા ગામના ખેડૂતોના ખેતરો અને ગામને ભારે નુકસાન થાત.

જ્યારે ગીર સોમનાથ જીલ્લા BJ5 ના બક્ષી પંચ મોરચાના પ્રમુખ જીવાભાઈ વાળાએ તંત્રને ફરિયાદ કરતા સિંચાઈ વિભાગનો ભ્રષ્ટાચાર છતી થયો હતો. કલાથિયા એન્જીનીયર એજન્સીને લખેલા તા.૩૦-૭-૨૪ના પ ત્રમાંથી જણાવ્યું હતું કે, માટીની રોયલ્ટી ભરવાનું કહેવા છતાં તમે રોયલ્ટી ચૂકવી નથી, જેથી કચેરીના ટેકનીકલ સ્ટાફે સ્થળ તપાસ કરી કચેરીની જાણ બહાર આવી હતી. ૫૬૦૦૦ ની. રોયલ્ટી ભરવાની શરતે મંજુરી આપવામાં આવી હતી, તો પછી રોયલ્ટી કેમ ન ભરવી?

### કેટલાક પ્લોટ પર ૯.૯૦ કરોડની બેંક મોર્ગેજ લોન લીધી હોવાનું બહાર આવ્યું

# સાંતેઝના પાર્ક લેન્ડ એવન્યુ મંડળીના હિસાબો ગંભીર કૌભાંડો બહાર આવ્યા

। અમદાવાદ, તા.૧૪ ।

સાંતેઝના પાર્ક લેન્ડ એવન્યુ મંડળીના હિસાબો ગંભીર કૌભાંડ હોવા છતાં ભ્રષ્ટ સરકારી અધિકારીઓએ પગલાં લેવાને બદલે ટેકેદારની ભૂમિકા ભજવી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જમીન માફિયા કાર્તિકે સાંતેઝ પાર્ક લેન્ડ સોસાયટીની જમીનનું વિભાજન કરીને અસ્તિત્વમાં આવેલી નવી દસ સોસાયટ-ીના કેટલાક પ્લોટ પર ૯.૯૦ કરોડની બેંક મોર્ગેજ લોન લીધી હોવાનું બહાર આવ્યું છે. આ સિવાય ૨૦૧૮-૧૯ના ઓડિટ રિપોર્ટમાં સોસાયટીમાં ૫૦ લાખની ખોટ અને કાર્તિકના નામે ૪.૦૯ કરોડની લોન દર્શાવવામાં આવી છે. આમ, ઓડિટ રિપોર્ટમાં અનેક કૌભાંડો હોવા છતાં નવી દસ સોસાયટીઓને મંજૂર કરવામાં આવી હતી.૧૯૮૨ માં, એસ્ટીટ-ીવોમાં સ્થિત સાન્ટેઝની પાર્ક લેન્ડ કંપની. હા, સોસાયટીની જમીનનું વિભાજન કરીને, કાર્તિક અને તેની ટોળકીએ ગેરકાયદેસર રીતે ઘણા પ્લોટ વેચ્યા હતા અને જૂના સભ્યોના પ્લોટમાંથી રકમ કાપીને છેતરપિંડી આચરી હતી. આ ઉપરાંત એકથી વધુ પ્લોટ ધારકોએ રજીસ્ટ્રારની મંજુરી લીધી ન હતી. બીજી તરફ સોસાયટીના એક જૂના સભ્યએ ફરિયાદ કરી હતી અને દસ સોસાયટીમાં જમીન ફાળવણીમાં થયેલા ફેરફારને રદ કરવા ઈં દ્વારા તપાસના દસ્તાવેજો માગ્યા હતા, પરંતુ તેમને સ્ટે મળ્યો હતો.પાર્ક લેન્ડ એવન્યુની જમીનનું વિભાજન કરીને દસ સોસાયટીઓને ફાળવવામાં આવી હતી, જોકે, રજિસ્ટ્રાર કચેરીની તપાસમાં આ જમીનની ફાળવણીમાં ફેરફાર કરવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું હતું. જે નિયમ ગાંધીનગર રજીસ્ટર ઓફિસની તત્કાલીન રજીસ્ટ્રાર કચેરી દ્વારા કરવામાં આવેલ તપાસના અહેવાલનો ઉલ્લેખ કરે છે. રિપોર્ટમાં સોસાયટી ઓફ પાર્ક લેન્ડ એવન્યુના ૨૦૧૮-૧૯ના ઓડિટમાં કાર્તિકના નામે ૪,૦૯,૫૦,૦૦૦ની લોનની જવાબદારી અને ૨૦૧૯-૨૦ના ઓડિટ રિપોર્ટમાં ૫૦ લાખની ખોટ દર્શાવવામાં આવી છે. આ ખોટની સિલક નવી દસ મંડળીઓમાં વહેંચવી જોઈએ પ રંતુ નાણાકીય સંતુલન યોગ્ય રીતે તૈયાર કરવામાં આવ્યું ન હોવાનું જણાયું હતું.જિલ્લા રજીસ્ટ્રારના આદેશમાં પણ આ બાબતનો ઉલ્લેખ ન હોવાથી તપાસને ગંભીર બાબત ગણાવી છે.

### ખ્યાતિકાંડમાં કાર્તિક પટેલ સિવાયના તમામ આરોપી ઝડપાયા, રાજ કોઠારીની ધરપકડ

। માહિતી બ્યુરો, અમદાવાદ, તા.૧૪ ।

ખ્યાતિ હોસ્પિટલ કૌભાંડમાં સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. ખ્યાતિકાંડના મુખ્ય સૂત્રધાર કાર્તિક પટેલ સિવાયના તમામ આરોપ ીઓને પોલીસે ઝડપી પાડ્યા છે. તાજેતરમાં રાજશ્રી કોઠારીની ધરપકડ કરવામાં આવી છે. ખ્યાતિકાંડમાં સંડોવાયેલા રાજશ્રી કોઠારી ખ્યાતિ હોસ્પિટલના ડિરેકટર છે. પોલીસે ખ્યાતિકાંડમાં સઘન કાર્યવાહી કરી ફરાર રાજશ્રી કોકરીની ધરપકડ કરી છે. રાજશ્રી કોઠારી દ્વારા અગાઉ જામીન અરજી કરવામાં આવી હતી.અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા ખ્યાતિકાંડમાં મોટી કાર્યવાહી કરવામાં આવી. ખ્યાતિ હોસ્પિટલના ડિરેક્ટર રાજશ્રી કોઠારી કે છે છેલ્લા એક મહિનાથી ફરાર છે તેમની ધરપકડ કરવામાં આવી. જો કે મુખ્ય આરોપી કાર્તિક પટેલ હજુ પણ પોલીસ પકડથી દૂર છે. મીડિયા અહેવાલ મુજબ કાર્તિકને કોઈ મોટાના આર્શીવાદ છે કે પછી તે પછી ભૂગર્ભમાં ઉતરી ગયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ખ્યાતિ હોસ્પિટલ કૌભાંડે રાજ્યભરમાં ચકચાર મચાવી હતી. ઘણો સમય થવા છતાં પોલીસ તપાસ ગોકળ ગતિએ ચાલતા લોકોને પોલીસની કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા. ત્યારે આજે આ કૌભાંડમાં મહત્વના આરોપી એવા રાજશ્રી કોઠારીની ધરપ કડ કરતાં પૂછપરછ દરમ્યાન આ કૌભાંડમાં વધુ માહિતી મળવાની સંભાવના છે.







## તંત્રી લેખ...

# પરિણામ જરૂરી

દેશના લોકો છેલ્લા ઘણા વર્ષોથી મોંઘવારી અને બેરોજગારીના મોરચા પર નક્કર પરિણામોની રાહ જોઇ રહ્યા છે પરંતુ પરિણામ ઈચ્છિત મળી રહ્યા નથી. રોજગારી અને મોંઘવારીના પ્રશ્ને કોંગ્રેસે હલ્લાબોલ જારી રાખ્યો હોવા છતાં સરકાર પર તેની અસર થઇ રહી નથી. લોકો ઘણા સમયથી નક્કર પરિણામોની રાહ જોઇ રહ્યા છે પરંતુ અપેક્ષા મુજબના પરિણામ નોકરી અને મોંઘવારીના સંબંધમાં મળી રહ્યા નથી. આવી સ્થિતીમાં સામાન્ય લોકો પણ હવે વધારે રાહ જોવા માટે તૈયાર નથી. કોરોના વાયરસના દોરમાં રોજગારી લોકોની જઇ રહી છે. લોકો મુશ્કેલીમાં મુકાઇ રહ્યા છે. આવી સ્થિતીમાં રોજગારીના મોરચા પર સાવધાની જરૂરી બની છે. પગલાની પણ જરૂર દેખાઇ રહી છે. લોકોની રોજગારી બચે અને વધુ રોજગારી સર્જાય તેવા કોઇ પગલા જાહેર થઇ રહ્યા નથી. લોકો નારાજ પણ દેખાઇ રહ્યા છે. આના કેટલાક સંકેત પણ મળી ચુક્યા છે. નવી નવી યોજનાઓ જાહેર કરવાની બાબત એટલી મહત્વપૂર્ણ નથી જેટલી મહત્વપૂર્ણ બાબત જે યોજના છે તેના અમલીકરણની છે. લોકોને લોકલક્ષી યોજનાના લાભ ઝડપથી અને સારી રીતે મળે તે જરૂરી છે અને દેશના લોકો આ જ ઈચ્છે પણ છે. આવી સ્થિતીમાં મોદી સરકાર લોકોને સંતુષ્ટ કરવા નવાવર્ષમાં આના પર જ ધ્યાન આપે તે જરૂરી છે. રોજગારીને વધારી દેવા અને મોંઘવારી પર બ્રેક મુકવા સહિતના કેટલાક પગલા ઝડપી લઇને લોકોને રાહત આપવાની તાકીદની જરૂર દેખાઇ રહી છે. જો આ પગલા નહી લેવાય તે મોદી પ્રત્યે લોકોનો વિશ્વાસ હવે ઘટી શકે છે. થોડાક સમય પહેલા રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ મિશનની શરૂઆત કરી દેવામાં આવી હતી. સાથે સાથે ફરી એકવાર કરોડો લોકોને નોજરી મળશે તેવુ સ્વપ્ર પણ બતાવી દેવામાં આવ્યુ હતુ. દરેક ગરીબને સેનિક તરીકે ગણાવીને વડાપ્રધાન મોદીએ દસ વર્ષની પ્રગતિની યોજના તૈયાર કરવાની વાત પણ કરી હતી. યુવાનોને રોજગારી કઇ સરકાર આપવા માંગતી નથી. તમામ ઈચ્છે કે દરેક હાથને કામ મળે પરંતુ માત્ર ભાષણથી આ બાબત શક્ય બનશે નહી. મોદી સરકાર સત્તામાં હવે પુરતો ગાળો થઇ ગયો છે પરંતુ પરંતુ હજુ સુધી કોઇ નક્કર પરિણામ મળ્યા નથી. લોકસભા ચૂંટણી પહેલા પણ મોદીએ યુવાનોને રોજગારી આપવાના મોટા મોટા વચન આપ્યા હતા. હવે મોદીને આ બાબત લોકોને બતાવી દેવાની જરૂર છે કે હજુ સુધી તેમના સરકારના ગાળા દરમિયાન કેટલા લોકોને રોજગારી મળી છે. સાથે સાથે આવનાર સમયમાં ક્યારે કેટલા લોકોને કઇ રીતે નોકરી આપવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. દેશના લોકો હવે જાણવા માંગે છે. કારણ કે આશા જાગી છે. લોકોને મોદી પાસે ઘણી આશા છે. તમામ લોકોને હવે પરિણામનો ઈન્તજાર છે. નહેરુથી લઇને મોદી સુધી દરેક વડાપ્રધાને મોટા મોટા વચન યુવાનો અને દેશના લોકોને આપ્યા છે. યુવાનોને રોજગારી આપવાના પણ અને મોંઘવારીને જડમૂળતી નાબુદ કરવાના વચન પણ આપવામાં આવ્યા છે.

# ઓફિસમાં ટેકનોલોજી પણ ફિટ રાખશે

મોટા ભાગના લોકો હવે ડેસ્ક વર્ક કરવા લાગી ગયા છે. આવી સ્થિતીમાં વર્ક એરિયામાં ફિટ રહેવા માટેની ચિંતા તેમને સતાવવા લાગી ગઇ છે. પરંતુ આધુનિક સમયમાં સાવધાન અને જાગૃત રહેલા લોકો આને લઇને પણ વધારે પરેશાન નથી. કેટલાક ખાસ એપ્સ અને ડિવાઇસનો ઉપયોગ કરીને વર્ક સ્ટેશન પર પણ સંપૂર્ણપણે ફિટ રહી શકાય છે. ઓફિસમાં ટેકનોલોજીની મદદ લઇને ફિટ રહી શકાય છે. સ્ટ્રેચિંગ એવી સરળ અને તરત કરી શકાય તેવી એક પ્રકારની કસરત છે જે ડેસ્ક પર પણ કરી શકાય છે. સિમારિમના એક મિનિટ ડેસ્ક વર્ક આઉટ એપ આઇઓએસ ડિવાઇસ પર કામ કરે છે. તેમાં ૪૫થી વધારે કસરત રહેલી છે. જે ડેસ્ક પર એક્ટિવ રાખે છે. તે દર કલાકે વ્યાયામ માટે રિમાન્ડર પણ મોકલે છે. એન્ડ્રોઇડ યુઝર્સ આઇ મોબલાફ ઈન્કના સ્ટ્રેચ એક્સરસાઇઝ કામમાં લઇ શકો છો. નિષ્ણાંતો કહે છે કે જો કોઇ વ્યક્તિ પીઠમાં પિડાના કારણે પરેશાન છે તો ફોનની અલાર્મ ક્લોકથી દર કલાકમાં બ્રેક લેવા માટે રિમાન્ડર સેટ કરી શકો છો. આપ એન્ડ્રોઇડ માટે રિમાઇન્ડ અલાર્મ ક્લોક અને બ્રેક રિમાઇન્ડર કામમાં લઇ શકો છો. એટલુ નહીં આઇઓએસ માટે ફ્રી એલાર્મ એપનો ઉપયોગ પણ કરી શકાય છે. હવે મોટા ભાગના કામ માટે ડિસ્પ્લે કામમાં આવે છે. આના કારણે આંખો પર દબાણ વધે છે. બ્રાઇટનેસ લેવલને ઘટાડી દેવાના બદલે એપ ઉપયોગમાં લઇ શકાય છે. જે બ્લુ લાઇટ ફિલ્ટરના રૂપમાં કામ કરે છે. સ્ક્રીનમાંથી નિકળનાર બ્લુ લાઇટ આંખમાં થનાર ટેન્શન માટે કારણરૂપ છે. એન્ડ્રોઇડ યુઝર્સ લુલાટ ફિલ્ટર અથવા તો ટ્વીલાટ એપ કામમાં લઇ શકે છે. બંને એપ સ્ક્રીનના રંગને વ્યવસ્થિત કરે છે. એપ્પલ આઇઓએસમાં પહેલાથી જ લાઇટ ફિલ્ટર મોડ જેડી દેવામાં આવ્યા છે. તમે મોબાઇલ ફોનમાં ખાસ એપ ડાઉનલોન કરીને યોગ કરી શકો છો. બ્રેક લઇ શકો છો. રોગમુક્ત રહી શકો છો. યોગ કરવાના કેટલાક ફાયદા રહેલા છે. યોગના તમામ વ્યાયામ કરવા માટે આપને વધારે સ્પેસની જરૂર હોય છે. જો તમે ડેસ્ક પર યોગ કરવા માટે રસ ધરાવો છો તો ઓફિસ યોગા એટ યોર ડેસ્ક એપનો ઉપયોગ કરી શકો છો. આ આઇઓએસ માટે ૨.૯૯ અમેરિકી ડોલરમાં છે. તે થ્રીડી યોગ ઈન્સ્ટ્રક્ટર વિડિયો દર્શાવે છે. એન્ડ્રાઇડ યુઝર્સ ફ્રી ડેલી યોગા એપ કામમાં લઇ શકે છે. આના કારણે ટેન્શનને દુર કરવામાં સફળતા મળે છે.



**ભારત-અમેરિકાના વૈજ્ઞાનિકો મળીને હવાને સ્વચ્છ કરવા લાગેલા છે**

**અમેરિકા વાયુ પ્રદુષણને ઘટાડી દેવા માટે ભારતના પ્રયાસોમાં મદદરૂપ છે અમારી પાસે કેટલાક મદદરૂપ બને તેવા ટેકનોલોજી નિષ્ણાંત લોકો રહેલા છે સાથે સાથે ટોપના સાધન પણ છે**

# વાયુ પ્રદુષણ રોકવા અમેરિકા સાથે છે

**અમેરિકા ઉત્સર્જનને ઘટાડી શકે તેવા સાધનો, આધુનિક ઇલેક્ટ્રિક ટેકનોલોજી સાધનો દ્વારા ભારતની મદદમાં : હવાની ગુણવત્તા પર કામ**

વાયુ પ્રદુષણને લઇને પારસ્પરિક વધારે સારી સમજ ઉભી કરવા અને વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી દેવા માટે ભારત અને અમેરિકાના વૈજ્ઞાનિકો ખુબ નજીકના અંતરથી કામ કરી રહ્યા છે. જો કે અમેરિકાનુ સૌથી મોટી યોગદાન તેના દ્વારા ભુતકાળમાં કરવામાં આવેલા સંઘર્ષને લઇને હોઇ શકે છે. જો અમેરિકાના સંઘર્ષથી ભારત શિખી શકશે તો લાભ વહેલી તકે થશે. અમેરિકા વાયુ પ્રદુષણને ઘટાડી દેવા માટે ભારતના પ્રયાસોમાં મદદરૂપ છે. અમારી પાસે કેટલાક મદદરૂપ બને તેવા ટેકનોલોજી નિષ્ણાંત લોકો રહેલા છે. સાથે સાથે ટોપના સાધન પણ છે. જે વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી શકે છે. જેમાં કે સ્ક્રબર છે. જે તાપ વીઝળી સાધનો અને ઉપકરણોમાંથી નિકળનાર ઉત્સર્જનના પ્રમાણને ઘટાડી દે છે.

એવા સાધનો પણ ઉપયોગી રહે છે જે ડિઝલના વાહનોમાં રેટ્રોફિટ થઇ જાય છે. સાથે સાથે ઉત્સર્જન ઘટાડી નાંખે છે. આ ઉપરાંત પણ અતિ આધુનિક ઈલેકટ્રિક વાહન ટેકનોલોજી છે. અમારા વૈજ્ઞાનિકો અમેરિકાના વૈજ્ઞાનિકો સાથે મળીને કામ કરી રહ્યા છે. અમેરિકાના નિષ્ણાંતો પણ એક બાબત તો કબુલ કરે છે કે ભારતીય લોકો અને સરકાર યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. વાયુ પ્રદુષણને ઘટાડી દેવામાં



આવનાર દિવસોમાં મદદ મળી શકે છે. ભારત વાયુ પ્રદુષણને રોકવા માટે સતત પ્રયાસરત છે. ભારત દ્વારા સ્થાનિક ડેટા પર ભાર મુકે છે. જેના આધાર પર નક્કર ઉકેલ શોધી કાઢવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અમેરિકા આ દિશામાં ભારતને સહાયતા કરવા માટે તૈયાર છે. અમેરિકા પણ માને છે કે પોતાના સમૃદ્ધ ભવિષ્ય માટે ભારત પણ સ્વસ્થ રહે તે જરૂરી છે. વાયુ પ્રદુષણ કેટલા હદ સુધી ખતરનાક બને છે તેના પુરવા વારંવાર અભ્યાસ મારફતે મળતા રહે છે. જીનેવા સ્થિત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (ડબલ્યુએચઓ) એ પોતાના અહેવાલમાં કહ્યું છે કે દર વર્ષે વાયુ પ્રદુષણના કારણે વિશ્વભરમાં ૨ મિલિયન અથવા તો ૨૦ લાખ લોકોના મોત થઈ જાય છે. ડબલ્યુએચઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટામાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૫૧ દેશોના ૧૧૦૦ શહેરોમાંથી આંકડા એકત્રિત કરવામાં આવ્યા છે. આ આંકડા મુજબ હવાઈ પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. આના કારણે હાર્ટ સાથે સંબંધિત રોગ, ફેંફસાના કેન્સર, અસ્થમા અને શ્વાસ લેવાની તકલીફ તેમજ અન્ય ઈન્ફેક્શન રોગોનો સમાવેશ થાય છે. ઘણા શહેરી વિસ્તારોમાં આ તમામ રોગ સામાન્ય બની ચૂક્યા છે. કેટલાક શહેરોમાં પ્રદૂષણની સપાટી ડબલ્યુએચઓની માર્ગદર્શિકાની સરખામણીમાં ૧૫ ઘણી વધારે છે. વિકાસશીલ અને વિકસીત બંને દેશોમાં હવાઈ પ્રદૂષણ માટે જે પરિબળો જવાબદાર છે તેમાં વાહન પરિવહન, નાના પાયાના ઉદ્યોગો અને અન્ય મોટા ઉદ્યોગોનો સમાવેશ થાય છે. ઉપરાંત બાયોમાસ સળગાવવા અને કુકીંગ માટે કોલસાને લઈને પણ પ્રદુષણ ફેલાય છે. હવાઈ પ્રદુષણમાં અન્ય પરિબળો પણ યોગદાન આપે છે. વાયુ પ્રદુષણ રોકવામાં આવે તે જરૂરી છે.




**દરેક વયમાં જોબ શોધવાના તરીકા બદલાઇ જાય છે તે ચોક્કસ છે...**

**આ તો કડવી વાસ્તવિકતા છે કે વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધારે મુશ્કેલ રૂપ બનતી જાય છે જોબ માર્કેટમાં કો પણ કંપની યુવાનોને પ્રથમ પ્રાથમિકતા આપે છે આના માટેના કેટલાક કારણો હોય છે**

# દરેક વયમાં સારી જોબ મળી શકે છે

**વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધુને વધુ મુશ્કેલ બનતી જાય છે : જોબ માર્કેટમાં યુવાનોને વધારે તક મળવાના ઘણા કારણ છે**

એવી ધારણા ખોટી છે કે મોટી વયમાં સારી જોબ મળી શકે નહી. કોઇ પણ વયમાં સારી નોકરી મળી શકે છે તેમાં કોઇ બે મેત નથી. જો કે આના માટે તરીકા જુદા જુદા હોય છે. દરેક વયમાં જોબ શોધી કાઢવાની પ્રક્રિયા અને તરીકા બદલાતા જાય છે. આને લઇને પણ અભ્યાસની કામગીરી વિતેલા વર્ષોમાં નિષ્ણાંતો દ્વારા હાથ ધરવામાં આવી ચુકી છે. જેમાં કેટલીક મહત્વપૂર્ણ બાબત સપાટી પર આવી છે. દરેક વયમાં જોબ શોધવાની પદ્ધિતી સુ રહેલી છે તેના પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક બાબતોને સારી રીતે સમજી શકાય છે. આ તો કડવી વાસ્તવિકતા છે કે વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધારે મુશ્કેલ રૂપ બનતી જાય છે. જોબ માર્કેટમાં કો પણ કંપની યુવાનોને પ્રથમ પ્રાથમિકતા આપે છે. આના માટેના કેટલાક કારણો હોય છે. ભારતમાં મોટા ભાગે હાયરિંગ મેનેજર અનુભવ કરતા વધારે યુવાનોને મહત્વ આપવામાં આવે છે. તેમને લાગે છે કે દેશમાં યુવાનો ખુબ મોટી સંખ્યામાં છે. જેથી ઓછા પૈસામાં વર્કફોર્સ જરૂરી પ્રમાણમાં મળી જાય છે. યુવાનો એનર્જીથી સજ્જ અને ભરેલા હોય છે. આયુવાનો લાંબા સમય સુધી કામ કરી શકે છે. હાયરિંગ મેનેજર વિચારે છે કે સતત ટેકનોલોજી બદલાઇ રહી છે અને આવી સ્થિતીમાં યુવાનો નવી ટેકનોલોજીને વધારે



ઝડપથી સારી રીતે શિખી શકે છે. બિઝનેસ માહોલમાં અનુભવની કોઇ વેલ્યુ હવે રહી નથી. જુદી જુદી વયમાં જોબ સર્ચ કરતી વેળા જુદી જુદી રણનિતી અપનાવવામાં આવે છે. ૩૦ વર્ષની વયમાં જોબ સર્ચ પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક વિગત ઉભરીને સપાટી પર આવી છે. કેટલીક સ્કીલ હાંસલ કરવામાં આવે છે. રેજ્યુમ પણ શાનદાર રાખવામાં આવે છે. કઇ રીતે પોતાના કેરિયરને દિશા આપી શકાય છે તે બાબત ઉપયોગી હોય છે. આ વયમાં પુરતા પ્રમાણમાં જોખમ લઇ શકાય છે. સાથે સાથે મનની વાત સાંભળી શકવાની સ્થિતી હોય છે. ખરાબ દિવસો માટે કેટલાક મહિનાના પગારને રીઝર્વ રાખવામાં આવે તે જરૂરી છે. દરેક પ્રકારના ઈન્ટરવ્યુ અને ઈન્ટરેક્શનથી કેટલીક નવી બાબત શિખવા મળે તે જરૂરી છે. દરેક સપ્તાહમાં છથી આઠ કલાકનો સમય સર્ચ અને એન્જોય તેમજ લર્ન માટે નક્કી કરવામાં આવે તો ઉપયોગી સાબિત થાય છે. એવા અવસરની શોધ કરવી જોઇએ જેના કારણે પ્રગતિની તક વધારે રહે છે. કામ પર પ્રભાવ છોડી શકાય તેવી કેરિયરની હમેંશા પસંદગી કરવાની વિચારણા કરવી જોઇએ. વર્તમાન કંપનીમાં સ્વૈચ્છા સાથે લીડરશીપ રોલ કરવા માટે તૈયારી રાખવી જોઇએ. આ રીતે મોટા કામમાં પોતાની ભૂમિકા મોટી રહે તેવા કામ કરવા જોઇએ. પોતાના સહ કર્મચારીઓ, ક્લાઇન્ટો, જુના બોસ અને ઈન્ડસ્ટ્રીઝ પ્રોફેસરની સાથે સંબંધ કુબ સાનુકુળ રાખવા જોઇએ. ભવિષ્યની નોકરી માટે પ્રોફેશનલ નેટવર્ક રહે તેવી બાબત પર વધારે ધ્યાન આપવાની જરૂર છે. પોતાના વર્તમાન એમ્પ્લોયરને રોલ બદલી નાંખવા માટે પણ રજૂઆતો કરવી જોઇએ. ૪૦ વર્ષની વયમાં દરેક વ્યક્તિ માટે ટર્નિંગ પોઇન્ટ હોય છે. આ ગાળામાં મોટા ભાગના પ્રોફેશનલ સૌથી વધારે કામ કરી શકે તેવી સ્થિતીમાં હોય છે. જોબ સર્ચ દરમિયાન પોતાની સામે સૌથી મોટા પડકારો, નવા એમ્પ્લોયરની સામે પોતાને કુશળ સાબિત કરવાની આ સુવર્ણ તક હોય છે. તમે જે પ્રભાવ છોડવા માટે ઈચ્છુર છો જે પરંપરાનુ નિર્માણ કરવા માટે ઈચ્છુક છો તે તમામ બાબતને ધ્યાનમાં લઈ શકાય છે. આપના માટે યોગ્ય લાગે તે પ્રકારની બાબત પર ધ્યાન આપવાની જરૂર હોય છે. તમે જે પ્રકારની સંતુષ્ટિ અને વાતાવરણ ઈચ્છો છો તે પ્રકારની જોબ શોધી કાઢવા માટેના પ્રયાસ કરવા જોઈએ. ટેન્શન લેવા માટેની કોઇ જરૂર નથી. પાંચ વર્ષની વયમાં જુદા જુદા પ્રકારના અનુભવ લેવાના પ્રયાસ કરવા જોઈએ. શિખવા માટેના અવસર પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તે જરૂરી છે. શરૂઆત કરતા પહેલા તમામ પ્રકારની સ્કીલ ગે માહિતી મેળવી લેવી જોઈએ. ફોર્મલ ડ્રેસ પહેરીને ઈન્ટરવ્યુના અભ્યાસ કરવામાં આવે તે બાબત પણ ઉપયોગી હોય છે. આધુનિક સમયમાં કેટલીક બાબતોને ખાસ રીતે ધ્યાનમાં રાખીને કેરિયરમાં કોઈ પણ તબક્કામાં સારી નોકરી મેળવી શકાય છે. કેરિયરમાં હજુ સુધીની પ્રગતિની નોંધ પણ તૈયાર રાખવાની જરૂર હોય છે. એવા પ્રકારના બાયો ડેટા તૈયાર કરવા જોઈએજે તમારી કુશળતાને સારી રીતે રજ કરી શકે છે. જો તમે કંપનીને આ બાબત દર્શાવવામાં સફળ થઈ રહ્યા છો કે તમારી પાસે કામનો અનુભવ વધારે પ્રમાણમાં છે તો સારી તક મળી શકે છે. ઉંચા પગાર પણ મળી શકે છે. આધુનિક સમયમાં મિડિયામાં દરેક પ્રકારની બાબત સારી રીતે રજૂ કરવામાં આવે છે જેથી આના કારણે લાભ લઈ શકાય છે.

**માત્ર હાયર એજ્યુકેશનના કારણે જ હવે જોબ મળનાર નથી...**

# એજ્યુકેશનની સાથે સાથે અનુભવ અને સ્કીલ્સ પણ જરૂરી બની ગઇ છે : કંપનીઓ પાસે સૌથી સક્ષમ ઉમેદવારની પસંદગીના ઘણા વિકલ્પો

હાલના સમયમાં દરેક વિદ્યાર્થી ઉંચીથી ઉંચી ડિગ્રી હાંસલ કરવાના પ્રયાસમાં છે. બીજી બાજુ બજારમાં સંકેત સારા દેખાઇ રહ્યા નથી. ટાઇટ લેબર માર્કેટના લીધે જ શિક્ષણના મહત્વને સમજી શકાય છે. આજ કારણ છે કે હવે કોલેજ પણ મોંઘી બની ગઇ છે. કેટલાક વર્કરો માટે તો આ તમામ બાબતો ખુબ ખર્ચાળ તરીકે છે. આમાં સમય પણ ખુબ વધારે લાગે છે. વર્તમાન સમયમાં બજારમાં રોજગારીની અછત દેખાઇ રહી છે. પુરતા પ્રમાણમાં રોજગારી કુશળ લોકોને પણ મળી રહી નથી. આવી સ્થિતીમાં મોટા ફેરફાર જોવામાં આવી રહ્યા છે. જે જોબમાં ઓછી યોગ્યતાવાળા લોકોને રાખવામાં આવે છે ત્યાં હવે વધારે યોગ્યતાવાળા વિદ્યાર્થીઓને રાખવામાં આવી રહ્યા છે. બેરોજગારી વધી રહી છે જેથી કુશળ લોકો પણ ઓછા મહત્વવાળા જોબમાં નોકરી કરી રહ્યા છે. ભરતીની પ્રક્રિયામાં અથવા તો હાયરિંગ પ્રોસેસમાં હવે વધારે અનુભવવાળા અને ઉચ્ચ શિક્ષણવાળા વિદ્યાર્થીઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આવી સ્થિતીમાં હવે વધતી જતી સ્પર્ધાના યુગમાં એજ્યુકેશનની સાથે સાથે સ્કિલ હાંસલ કરવાની જરૂર દેખાઇ રહી છે. જ્યારે બેરોજગારીનો દર વધારે હોય છે ત્યારે લોકો ઉચ્ચ શિક્ષણ હાંસલ કરીને વધારે કમાણી કરવાના પ્રયાસ કરે છે. બેરોજગારીનો દર અલગ અલગ વિચારધારાને જન્મ આપે છે. વિદ્યાર્થીઓ આધુનિક સમયમાં વધારે ખર્ચ કરીને પણ ઉંચી ડિગ્રી હાંસલ કરવાના પ્રયાસ કરી રહ્યા છે. એવુ નથી કે હવે જોબ માટે કોઇ ખાસ અનુભવ અને શિક્ષણની જરૂર છે. પરંતુ કંપની પાસે હવે વિકલ્પ વધી ગયા છે. આવી સ્થિતીમાં તે સૌથી કુશળ અને હોશિયાર ઉમેદવારની જ પસંદગી કરે છે. પરેશાની એ છે કે તેમાં પ્રોડક્વિટી પર ખાસ અસર પડી રહી નથી. ભારતમાં બેરોજગારીનો દર વધી રહ્યો છે. આવી સ્થિતીમાં વધારે એજ્યુકેશન હાંસલ કરીને આગળ વધનારને જ રોજગારી મળનાર છે તે બાબત તો નક્કી છે. એજ્યુકેશનની સાથે સાથે અનુભવને પણ જોવામાં આવે છે. આ ઉપરાંત જે ઉમેદવાર સૌથી ઓછા પૈસામાં કામ કરવા માટે તૈયાર છે તેને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. દરેક વ્યક્તિ એજ્યુકેશન પર વધારે ખર્ચ કરે છે. જો કે હવે શિક્ષણ માત્ર એક ડિગ્રી બનીને રહી ગઇ છે. કારણ કે જોબ માર્કેટમાં ટ્રેન્ડ બદલાઇ રહ્યા છે. કેટલીક વખત તો કુશળ વ્યક્તિને પણ જોબ મળી રહ્યા નથી. આવી સ્થિતીમાં શિક્ષણ પર ઓછા ખર્ચ સાથે ઉપયોગી સ્કીલ પર પૈસા ખર્ચ કરી રહ્યા છીએ તો અમને ફાયદો થઇ શકે છે. એમ કહેવામાં આવી રહ્યુ છે કે ટેકનોલોજી, ગ્લોબલાઇજેશન અને એજ્યુકેશનના કારણે કોઇ પણ દેશમાં આર્થિક અસમાનતા જોવા મળી રહી છે. જો તમારી પાસે વધારે શિક્ષણ છે તો તેનુ કોઇ મહત્વ એ વખત સુધી નથી જ્યાં સુધી તેને યોગ્ય રીતે ઉપયોગમાં લેવામાં ન આવે. મહત્વપૂર્ણ બાબત એ છે કે તમે કેટલા ઓછા પૈસામાં કામ કરવા માટે તૈયાર થઇ રહ્યા છો. હવે દરેક વ્યક્તિ શિક્ષિત છે. શિક્ષણ અને અસમાનતાના લિન્કની વાત જુની બની ચુકી છે. આધુનિક અર્થવ્યવસ્થાને ગતિ આપવા માટે કોઇ યુવાને કેટલી શિક્ષણા હાંસલ કરવી જોઇએ તે બાબત ઉપયોગી બની ગઇ છે. તેના પર વિસ્તૃત ચિંતન કરવામાં આવે તે જરૂરી છે. હવે સમય આવી ગયો છે જ્યારે અમને શિક્ષણ હાંસલ કરવાના તરીકામાં ફેરફાર કરવા પડશે.





Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# શરીરને ફિટ રાખવા માટે સાઈક્લિંગ બેસ્ટ એક્ટિવિટી



આજના સમયમાં લાઈફસ્ટાઈલને કારણે અનેક પ્રકારના હેલ્થ ઈસ્યુ રહે છે. આ સમસ્યાથી બચવા માટે અને શરીરને સ્વસ્થ રાખવા માટે અનેક શારીરિક એક્ટિવિટી પણ જરૂરી છે. આ શારીરિક એક્ટિવિટીમાં સાઈક્લિંગ એક બેસ્ટ એક્ટિવિટી છે.

સાયકલિંગથી ફિટ રહેવાની સાથે-સાથે વજન પણ ઝડપથી ઘટેછે. સ્નાયુઓને ટોન કરવા, હાડકાંને મજબૂત કરવા અને વજન ઘટાડવા માટે આ સાયકલિંગ બેસ્ટ કસરત છે. પરંતુ માત્ર લાંબા સમય સુધી સાઈકલ ચલાવવાથી કામ નહીં ચાલે પરંતુ વજન ઉતારવાના લક્ષ્યને હાંસલ કરવા માટે પણ ઘણા નિયમોનું પાલન કરવું પડશે. પેટની ચરબી ઘટાડવા માટે લાંબા સમય સુધી સાઈક્લિંગ કરવું જરૂરી છે. ઓછા ગીચ રસ્તા પર સવારી કરવા જાઓ, જેથી તમે લાંબા સમય સુધી સાયકલ ચલાવી શકો અને બોડી ફેટને સરળતાથી દૂર કરી શકો.

સવારના નાસ્તા પહેલા સાઈક્લિંગ કરવાથી અનેક ગણો ફાયદો થાય છે. એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે, ખાલી પેટે સાઈકલ ચલાવવાથી 20 ટકા વધુ ઝડપથી ચરબી બર્ન થાય છે. સાઈકલ ચલાવવાથી મન હંમેશા ફ્રેશ રહેશે.


તો એક રિપોર્ટ અનુસાર, સાઈકલ ચલાવવાથી કેન્સરનું જોખમ ઘટી શકે છે. એક રિસર્ચ અનુસાર, જે લોકો દરરોજ 2 કલાક સાઈકલ ચલાવતા હતા, તેઓ પેટના કેન્સરનું જોખમ લગભગ 50 ટકા ઓછું જોવા મળ્યું હતું. રિસર્ચ અનુસાર, જે મહિલાઓ વોકિંગ અથવા સાઈકલ ચલાવતી હતી તેમને બ્રેસ્ટ કેન્સરનું જોખમ 10 ટકા ઓછું જોવા મળ્યું હતું. આ આધારે એવું માની શકાય છે કે સાયકલ ચલાવવાથી કેન્સરના જોખમને અમુક હદ સુધી ઘટાડવામાં મદદ મળી શકે છે.

# સહેલાણીઓ કુદરતી સૌંદર્ય માણવા માટે હાથણી માતાનો ધોધ ફેવરિટ હિલ સ્ટેશન

હાથણી માતા ધોધ એ ગુજરાતનો જાણીતો ધોધ છે. હાથણી માતાનો ધોધ પંચમહાલ જિલ્લાના જાંબુઘોડાથી 16 કિમી અને ઘોઘંબાથી 18 કિમી દૂર સરસવા ગામ આગળ આવેલો છે. હાલોલથી પાવાગઢ અને શીવરાજપુર થઈને પણ આ ધોધ તરફ જવાય છે. ગોધરાથી આ ધોધનું અંતર 56 કિમી. અને વડોદરાથી 80 કિમી દૂર છે.

હાથણી માતાનો ધોધ ખૂબ ઉંચી ખડકાળ ટેકરીઓ વચ્ચે આવેલો છે એમાંની એક ટેકરી પરથી આવતી નદીનું પાણી, ટેકરીની ઉભી કરાડ પર થઈને ધોધરૂપે નીચે પડે છે. સામે ઉભા રહીને, ટેકરીના વાંકાચૂકા ખડકો પરથી ઉછળતો કૂદતો અને નીચે પડતો ધોધ જોવાની મજા આવે છે. ધોધ નીચે જે જગ્યાએ પડે છે ત્યાં પણ વાંકાચૂકા ખડકો અને સુંદર ઝરણાં પથરાયેલા છે. તથા આજુબાજુ વૃક્ષો અને ગીચ ઝાડી છે. એટલે ત્યાં સુધી પહોંચવાનું પણ અઘરું છે. આમ છતાં, ધીરે ધીરે સાચવીને ત્યાં જરૂર પહોંચી શકાય છે. જ્યાં ધોધ પડે છે તે જગાએ એક ગુફા છે. તેમાં હાથણીના આકારનો મોટો ખડક છે.

પ્રકૃતિને માણવા આવતા પ્રકૃતિપ્રેમીની સાથે સાથે કેટલાક સાહસિક વૃત્તિને સંતોષવા માટે પણ હાથણી માતાના ધોધ અને આસપાસના વિસ્તારોની મુલાકાત લેતા હોય છે. હાથણી માતાનો ધોધ જે ડુંગર ઉપર થી વહે છે, તે આખી પર્વતમાળા સમાન ખૂબ જ ઊંચાઈ ધરાવતી ટેકરી છે. ત્યારે ઊંચાઈએથી પણ નયનરમ્ય દ્રશ્યોને જોવા માટે યુવાનો જોખમ ખેડીને પહોંચતા હોય છે અને ડુંગર પર ચઢી ચેક કિનારા સુધી આવી સેલ્ફી લેતા હોય છે અને ખૂબ જ મોટી સંખ્યામાં યુવાનોમાં આ મોતની સેલ્ફીનો ક્રેઝ જોવા મળ્યો.





# રવાના મેંદુવડા બનાવી માણો સાઉથ ઈન્ડિયન વાનગીની મજા

પરંપરાગત દક્ષિણ ભારતીય ફૂડ ડીશ મેંદુવડા ખૂબ જ પસંદ કરવામાં આવે છે. નાસ્તા તરીકે મેંદુવડા વ્યાપકપણે ખાવામાં આવે છે. સામાન્ય રીતે અડદની દાળનો ઉપયોગ મેંદુવડા બનાવવા માટે કરવામાં આવે છે, પરંતુ આજે અમે તમને સોજી (રવા) ના મેંદુવડાની રેસિપી જણાવીશું.

**સામગ્રી**

રવો - 1 કપ, દહીં - 3/4 કપ, છીણેલું આદુ - 1 ચમચી, લીલા મરચા સમારેલા - 1 ટીસ્પૂન, લીલા ધાણા સમારેલી - 2 ચમચી, ખાવાનો સોડા - 1/4 ચમચી, લાલ મરચું પાવડર - 1/4 ચમચી, તેલ - તળવા માટે, મીઠું - સ્વાદ મુજબ

**બનાવવાની રીત**

- રવા મેંદુવડા બનાવવા માટે સૌપ્રથમ એક મોટો બાઉલ લો અને તેમાં રવો અને દહીં ઉમેરો અને બંને વસ્તુઓને સારી રીતે મિક્સ કરો. આ પછી તેમાં છીણેલું આદુ, સમારેલા લીલા મરચા નાખીને મિક્સ કરો. પછી તેમાં સ્વાદ પ્રમાણે મીઠું અને લાલ મરચું નાખીને બધું બરાબર મિક્સ કરી લો. હવે તેમાં થોડું પાણી ઉમેરીને ઘટ્ટ બેટર તૈયાર કરો.
- આ બેટર અડદની દાળમાંથી તૈયાર કરેલા બેટર જેટલું જ સુસંગત હોવું જોઈએ. હવે બેટરને ઢાંકીને 15 મિનિટ માટે બાજુ પર રાખો, જેથી રવો બરાબર ફૂલી જાય. નિયત સમય પછી, જ્યારે બેટર ફૂલી જાય, ત્યારે તેમાં બારીક સમારેલી કોથમીર અને ખાવાનો સોડા ઉમેરીને મિક્સ કરો. જો બેટર ખૂબ જાડું હોય, તો તમે થોડું પાણી મિક્સ કરી શકો છો.
- હવે એક કડાઈમાં તેલ મૂકી ગરમ કરો. ત્યારબાદ તમારા હાથમાં થોડું મિશ્રણ લો અને તેની વચ્ચે એક ગોળ આકાર બનાવો અને તમારા અંગૂઠાના કદ કરતા મોટો છિદ્ર બનાવો. તેલ ગરમ થાય એટલે તેને તળવા માટે કડાઈમાં મૂકો, એ જ રીતે બધા વડા બનાવીને તળી લો. ગોલ્ડન બ્રાઉન થાય ત્યાં સુધી તેને ફેરવીને ડીપ ફ્રાય કરો, પછી તેને પ્લેટમાં કાઢી લો. આ જ રીતે બધા જ ખીરામાંથી રવા મેંદુવડા તૈયાર કરો. નાસ્તામાં ચટણી સાથે સર્વ કરો.

# વિટામિન 'P' વાળા ફળનું સેવન હૃદય માટે ગુણકારી




આપણા શરીરમાં વિટામિન A,B,C,D,E જ નહીં 'P' પણ છે સ્વાસ્થ્ય માટે ખુબ જરૂરી છે. વિટીમિન પી ને ફ્લેવેનોઈલ નામથી ઓળખવામાં આવે છે. વિટામિન પી વાસ્તવમાં એક ફાઈટો ન્યુટ્રિએટ્સ છે. જે એન્ટી ઓક્સીડેન્સથી ભરપુર હોય છે. વિટામિન પીમાં એન્ટી ઈન્ફલેમેટરી ગુણ પણ જોવા મળે છે. આવો જાણીએ કે તેનાથી સ્વાસ્થ્યમાં શું શું ફાયદા થાય છે અને તે કયા કયા ફુડમાં જોવા મળે છે.

**હૃદય માટે ગુણકારી :** વિટામિન પી વાળા ફળનું સેવન કરવાથી હાર્ટની બીમારીઓનો ખતરો ઘણો ઓછો થઈ જાય છે.

**ત્વચા માટે ફાયદાકારક :** વિટામિન પી એક સમૃદ્ધ ખોરાક કહી શકાય છે, તેથી તેનું સેવન ત્વચા માટે ઉત્તમ ગણાય છે. તેનાથી ત્વચાની રુધિરકેશિકાઓમાં સુધારો કરે છે. વેરિકોઝ વેઈન્સ જેવા પ્રોબલેમ પણ ઓછા થઈ જાય છે. જો ત્વચા પર ઈજા થયા પછી ઘા થયો હોય તો તેના માટે વિટામિન પી ફાયદાકારક સાબિત થાય છે.

**આંખો માટે લાભકારી કામ કરે છે :** વિટામિન પી વાળો ખોરાક ખાવાથી આંખોની રક્તવાહિનીઓને ફાયદો મળે છે. તેનાથી સ્વસ્થ રક્તવાહિનીઓ તૈયાર થાય છે. તેનાથી આંખોની કેટલીયે સમસ્યાઓ ખત્મ થઈ જાય છે વિઝનમાં પણ સુધારો થાય છે.

કેન્સરનું જોખમ ઘટી જાય છે : ફ્લેવોનોઈડ હોવાથી વિટામિન પીમાં એન્ટી કેન્સર અસરો જોવા મળે છે. વિટામિન પી શરીરમાં પહોંચીને કેન્સરના કોષોનો વિકાસ થતો અટકાવે છે. તેનું સેવન કરવાથી કેટલીક પ્રકારના કેન્સરનો ખતરો ઘટી જાય છે.

**કઈ વસ્તુમાં જોવા મળે છે વિટામિન પી**

- ખાટા ફળો જેવા કે સંતરા, નારંગી, લીંબુ અને આમળામાંથી વિટામિન પી મળે.
- રાસબેરી, બ્લુબેરી, બ્લેકબેરી અને સ્ટ્રોબેરી તેમજ ડાર્ક ચોકલેટમાંથી પણ વિટામિન પી મળે છે.
- સફરજનમાં જોવા મળતું ફ્લેવોનોન ક્વેર્સેટિન વિટામિન પીનો સારો સ્ત્રોત છે.
- ગ્રીન ટીમાં વિટામિન પી મળી આવે છે.
- લીલા અને પાંદડાવાળા શાકભાજી જેવા કે કેલ, પાલક અને બ્રોકોલીમાં વિટામિન પી જોવા મળે છે.

# સુગંધી અને સ્વાદિષ્ટ વરિયાળી છે અનેક રોગની દવા



વરિયાળી સુગંધી હોવાની સાથે અનેક ઔષધીય ગુણથી ભરપુર હોય છે. જ્યારે શરીરમાં આયરન અને પોટેશિયમની ખામી હોય, મહિલાઓને માસિકની અનિયમિતતા હોય તો વરિયાળી ખાવી લાભકારી નીવળે છે. વરિયાળીમાં કેલ્શિયમ, સોડિયમ, આયરન, પોટેશિયમ જેવા લાભકારી તત્વ હોય છે. જે મહિલાઓને અનિયમિત માસિકની સમસ્યા હોય તેમણે સવારે ખાલી પેટ હુંફાળા પાણી સાથે 1 ચમચી વરિયાળી ખાવી જોઈએ. તેનાથી પેટ સંબંધી સમસ્યાઓ પણ દૂર થવા લાગશે.

**આંખ માટે ફાયદાકારક :** વરિયાળીનું સેવન કરવાથી આંખનું તેજ વધે છે. રોજ ભોજન કર્યા પછી 1 ચમચી વરિયાળી ખાવી જોઈએ. આ ઉપરાંત વરિયાળીનો પાવડર રાત્રે દૂધમાં મીક્ષ કરી અને પી લેવો જોઈએ. દૂધ સિવાય આ પાવડર તમે પાણી સાથે પણ લઈ શકો છો.

**ઉધરસ મટાડવા :** 10 ગ્રામ વળિયાળીનો અર્ક મધમાં ઉમેરી દિવસમાં 2થી 3 વાર લેવાથી ઉધરસ મટી જાય છે. આ સિવાય 1 ચમચી વરિયાળી અને 2 ચમચી અજમો અડધો લીટર પાણીમાં ઉકાળવા. પાણી અડધુ રહે એટલે તેમાં 2 ચમચી મધ ઉમેરી અને તેને ગાળી લેવું. ઠંડુ થાય એટલે તેને બોટલમાં ભરી લેવો અને આ કાઢામાંથી 3 ચમચી એક એક કલાકે પીવો. ઉધરસ મટી જશે.

**બાળકોની સમસ્યા અને વરિયાળી :** નાના બાળકોને અવારનવાર પાચન સમસ્યા થાય છે. તેવામાં તેને બે ચમચી વરિયાળીનું ચૂર્ણ બે કપ પાણીમાં ઉકાળી અને પીવડાવવું. આ પાણી પીવાથી બાળકોને પેટમાં ચુક આવવી જેવી સમસ્યાઓ પણ દૂર થઈ જાશે.

**યાદશક્તિ વધારે :** જો તમારી યાદશક્તિ ઓછી હોય તો તેના માટે વરિયાળી અને સાકર સમાન માત્રામાં લઈ તેનું ચૂર્ણ બનાવી તેનું સેવન કરવું. આ પાવડરને બે ચમચી સવારે અને સાંજે સેવન કરવાથી યાદશક્તિ વધે છે.

**કબજિયાતની સમસ્યા દૂર કરવા :** વરિયાળીનું નિયમિત સેવન કરવાથી કબજિયાત નથી થતી. તેના માટે વરિયાળીને સાકર સાથે પીસી અને ચૂર્ણ બનાવી લેવું. રોજ રાતે હુંફાળા પાણી સાથે 1 ચમચી ચૂર્ણ ખાઈ લેવું.

# રાત્રે ચહેરા પર આ વસ્તુઓ લગાડવાથી ત્વચા પર આવશે જબરદસ્ત ગ્લો...



ચોમાસામાં જો તમારી ત્વચા પણ બેજાન થઈ ગઈ હોય તો ત્વચા ને ફરીથી ચમકદાર બનાવવા માટે કેટલાક ઉપાય કરી શકાય છે. ચોમાસાની ઋતુ દરમિયાન ત્વચાની હાલત ઘણી વખત ખરાબ થઈ જાય છે. આવી સ્થિતિમાં કેટલીક ઘરગથ્થુ વસ્તુઓનો ઉપયોગ કરો તો તેનાથી ત્વચાને વધારે ફાયદો થાય છે. તો ચાલો તમને જણાવીએ એકદમ સરળ અને અસરકારક ઉપાયો.

તડકો, ધૂળ અને પ્રદૂષણના કારણે સ્કીન ડેમેજ થઈ જાય છે. સવારથી સાંજની દોડધામ પછી રાત્રે જ્યારે તમે ચહેરો અરીસામાં જુઓ છો તો ચહેરો બેજાન દેખાય છે. આવી સ્થિતિમાં ચહેરાની રંગત નિખારવા માટે તમે આ ઉપાયો કરી શકો છો. દિવસ દરમિયાન કામના કારણે તમને સમય ન મળતો હોય તો રાત્રે ચહેરો સાફ કરીને આ રીતે સ્કિન કે રૂટીન ફોલો કરી શકો છો. આ સ્કીન કેર રુટીન ફોલો કરવાથી ચહેરા પરની અશુદ્ધિ અને ડેડ સ્કિન દૂર થઈ જાય છે.

**નાળિયેર તેલ :** નાળિયેર તેલ આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન સ્કીન ઉપર નાળિયેર તેલ લગાડીને સૂવું જોઈએ તેનાથી સ્કીનમાં મોઈશ્ચર જળવાઈ રહે છે અને કોઈ પ્રકારની એલર્જી પણ થતી નથી.

**એલોવેરા જેલ :** જો તમે રોજ રાતે સુતા પહેલા ચહેરા પર એલોવેરા જેલ લગાડો છો તો તેનાથી પણ સ્કીન હાઈડ્રેટ રહે છે. તેનાથી ત્વચા સંબંધિત સમસ્યાઓ દૂર થાય છે અને ખીલ પણ થતા નથી.

**કાચું દૂધ :** જો તડકાના કારણે તમને ટાઈમિંગ ની સમસ્યા થઈ ગઈ છે તો ચહેરાનો રંગ નિખારવા અને ડેડ સ્કિન સેલ્સને દૂર કરવા રાત્રે સૂતા પહેલા ચહેરા ઉપર સારી રીતે કાચું દૂધ લગાડો. દૂધને રાતે ચહેરા પર જ રહેવા દો અને સવારે ચહેરો ધોવાનું રાખો.

**ગુલાબ જળ :** રાત્રે સુતા પહેલા તમે ચહેરા પર ગુલાબજળ લગાડી શકો છો. ગુલાબજળ થી ચહેરો ક્લીન કરવાથી ડર્ટ પાર્ટીકલ નીકળી જશે અને ગુલાબજળ ચહેરા માટે ટોનરની જેમ કામ કરશે.

# એવોકાડોનું સેવન કરવાથી વધતા વજનને કરી શકાય છે કંટ્રોલ



આજના સમયમાં અનહેલ્ધી ખાનપાન અને નબળી જીવનશૈલીને કારણે મોટાભાગના લોકોને ઓબેસિટી (શરીર જાડું હોવું) ની સમસ્યાનો સામનો કરવો પડે છે. આ ઓબેસિટી તેની સાથે અનેક ગંભીર બીમારીઓ લઈને આવે છે. સ્થૂળતાના કારણે વ્યક્તિને ટાઈપ 2 ડાયાબિટીસ, હાઈપરકોલેસ્ટ્રોલેમિયા, હાઈ બીપી, હાર્ટ ડિસીઝ, ડિપ્રેશન, સાંધાના ઓસ્ટિઓઆર્થરાઈટિસ, સાંધાનો જેવી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. આવી સ્થિતિમાં વધતા વજનને કંટ્રોલ કરવું વધુ જરૂરી બની જાય છે. જે લોકો વજન ઉતારવા માગતા હોય કે ફાંદ ઘટાડવા માગતા હોય તો તેમને માટે અહીં જણાવેલો ઉપાય કામ લાગી શકે છે.

**એવોકાડો ફળ ખાવાથી શું થશે |** ભોજનમાં એવોકાડો ઉમેરવાથી ઝડપથી વધી રહેલા વજનને કંટ્રોલ કરી શકાય છે. આ નાના ફળમાં અનેક એવા તત્વ જોવા મળે છે, જે સાબિત થાય છે. જો કે તેને ખાવાની એક રીત છે અને તો જ અસરકારક પરિણામ મળે છે. એવોકાડોમાં કેટલાક એન્ટિઓક્સિડન્ટ્સ હોય છે, જે પાચનક્રિયાને ઝડપી બનાવીને કેલરીને વધુ ઝડપથી બર્ન કરવાનું કામ કરે છે. ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે, ફાઈબરથી ભરપૂર ખોરાક ખાવાથી તમને જલ્દી ભૂખ નથી લાગતી. આ રીતે તે તમને વજન ઘટાડવામાં પણ મદદ કરી શકે છે.

કરવા માંગો છો, તો આ માટે દિવસમાં ઓછામાં ઓછું બે વાર એવોકાડો ખાવ. નાસ્તામાં એવોકાડોનો સમાવેશ કરી શકો છો. આ માટે આ ફળને પાતળું કટ કરી લો અને પછી તેમાં લાઈટ બ્લેક પેપર પાઉડર અને મીઠું ઉમેરીને સલાડની જેમ ખાઈ શકો છો. આ ઉપરાંત સ્મૂધી બનાવીને પણ એવોકાડો પી શકો છો. આ માટે એવોકાડોને બ્લેન્ડ કરી તેમાં ચિયા સીડ્સ, ડ્રાયફ્રૂટ્સ અને નટ્સ મિક્સ કરીને

## પંજાબ અને હરિયાણાની સરહદ પર । ૧૦૧ ખેડૂતોના જૂથે દિલ્હી તરફ પગપાળા કૂચ શરૂ કરી

# શંભુ બોર્ડર પર તણાવ । પોલીસે ખેડૂતો પર ટીયર ગેસના શેલ છોડ્યા

### સુપ્રીમ કોર્ટે કેસની સુનાવણી માટે થોડો સમય માંગ્યો છે અને સૂચન કર્યું છે કે ખેડૂતોએ તેમના વિરોધને રોકવા વિશે વિચારવું જોઈએ : અનિલ વિજ

। ચંડીગઢ, તા.૧૪ ।

પંજાબ અને હરિયાણાની સરહદ પર શંભુ બોર્ડર પર વિરોધ સ્થળથી બપોરે ૧૨ વાગ્યે ૧૦૧ ખેડૂતોના જૂથે દિલ્હી તરફ પગપાળા કૂચ શરૂ કરી. આ દરમિયાન ખેડૂતોને રોકવા માટે પોલીસે તેમના પર ટીયર ગેસના સેલ છોડ્યા હતા. મળતી માહિતી મુજબ આ દરમિયાન કેટલાક ખેડૂતો ઘાયલ થયા છે. જેમને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. શંભુ બોર્ડરથી દિલ્હી તરફ ફરી શરૂ થવાની ખેડૂતોની વિરોધ કૂચના કલાકો પહેલાં, હરિયાણા સરકારે 'જાહેર શાંતિ' જાળવવા માટે અંબાલા જિલ્લાના ૧૨ ગામોમાં મોબાઈલ ઈન્ટરનેટ અને બલ્ક એસએમએસ સેવાઓ સ્થગિત કરી દીધી હતી. અધિક મુખ્ય સચિવ (ગૃહ) સુમિતા મિશ્રા દ્વારા જારી કરાયેલા આદેશ અનુસાર, આ સસ્પેન્શન ૧૭ ડિસેમ્બર સુધી અમલમાં રહેશે.હરિયાણાના મંત્રી અનિલ વિજે કહ્યું કે આ મામલે સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણીને ટાંકીને ખેડૂતોએ પોતાનો વિરોધ અસ્થાયી રૂપે બંધ કરી દેવો જોઈએ.







### ખેડૂતોએ બેરીકેટ્સ તોડવાનો પ્રયાસ કર્યો

ખેડૂતોએ બેરીકેટ્સ તોડવાનો પ્રયાસ કર્યો. પોલીસે ટીયર ગેસ અને પાણીનો ઉપયોગ કર્યો હતો. જ્યારે બે ખેડૂતો ઘાયલ થયા છે. હરિયાણા તરફથી ડ્રોન દ્વારા ટીયર ગેસના શેલ પણ છોડવામાં આવ્યા હતાં ખેડૂત નેતા સર્વન સિંહ પંઢેરે આક્ષેપ કર્યો હતો કે પોલીસ દ્વારા ગંદુ પાણી ફેંકવામાં આવી રહ્યું છે. કેમિકલનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. ખેડૂતો આગળ વધવા માટેનો રસ્તો માંગી રહ્યા છે. તે જ સમયે, પોલીસનું કહેવું છે કે ખેડૂતોએ દિલ્હી જવાની પરવાનગી બતાવવી જોઈએ અને આગળ વધવું જોઈએ.અનિલ વિજે કહ્યું કે સર્વોચ્ચ અદાલતે કેસની સુનાવણી માટે થોડો સમય માંગ્યો છે અને સૂચન કર્યું છે કે ખેડૂતોએ તેમના વિરોધને રોકવા વિશે વિચારવું જોઈએ.

### ખેડૂતોનું જૂથ અને પોલીસ ફરી એકવાર આમને-સામને


શંભુ બોર્ડરથી દિલ્હી તરફ કૂચ કરી રહેલા ખેડૂતોનું જૂથ અને પોલીસ ફરી એકવાર આમને-સામને આવી ગયા હતાં ખેડૂતોને રોકવા માટે પોલીસે ટીયર ગેસના શેલ છોડ્યા અને વોટર કેનનનો ઉપયોગ કર્યો. શંભુ બોર્ડર પર સર્વત્ર ધુમાડો દેખાઈ રહ્યો હતો . શંભુ બોર્ડર પર પહોંચેલા કોંગ્રેસના નેતા અને પૂર્વ કુસ્તીબાજ બજરંગ પુનિયાએ કહ્યું કે એક તરફ સરકાર કહી રહી છે કે અમે ખેડૂતોને રોકી રહ્યા નથી, પરંતુ બીજી તરફ તેઓ ટીયર ગેસ અને અન્ય વસ્તુઓનો ઉપયોગ કરી રહ્યા છે. નેતાઓ જ્યારે વિરોધ કરવા દિલ્હી જાય છે ત્યારે શું પરવાનગી લે છે? ખેડૂતો માત્ર તેમના પાક માટે એમએસપી ઈચ્છે છે. અમે હંમેશા ખેડૂતોને સમર્થન આપીશું.

### ખેડૂતોની તાકાત બતાવવી પડશે : ટિકૈતે

ટિકૈતે એવી ચેતવણી પણ આપી હતી કે કેન્દ્રએ ખેડૂતોની તાકાત બતાવવી પડશે અને આ માટે તેણે રદ કરાયેલા કૃષિ કાયદાઓ વિરુદ્ધ અગાઉના આંદોલનની જેમ હવે સરહદો પર દિલ્હીને ઘેરવું પડશે નહીં, પરંતુ તેના બદલે કેએપી (કુંડલી)થી રાષ્ટ્રીય રાજધાનીનો ઘેરાવો કરવો પડશે. -માનેસર-પલવલ એક્સપ્રેસ વે) હશે. તેમણે કહ્યું કે ફરી એકવાર ૪ લાખ ટ્રેક્ટરની જરૂર છે.સુરક્ષા દળોએ દિલ્હી તરફ જવાના તેમના પ્રયાસોને અટકાવ્યા બાદ ખેડૂતો ૧૩ ફેબ્રુઆરીથી પંજાબ અને હરિયાણા વચ્ચે શંભુ અને ખનૌરી સરહદો પર પડાવ નાખી રહ્યા છે.હરિયાણાની સરહદ પર સુરક્ષા જવાનોની ભારે તૈનાતી કરવામાં આવી છે. શંભુ બોર્ડરથી દિલ્હી તરફ કૂચ કરી રહેલા ખેડૂતોનું જૂથ અને પોલીસ ફરી એકવાર આમને-સામને આવી ગયા હતાં ખેડૂતોને રોકવા માટે પોલીસે ટીયર ગેસના શેલ છોડ્યા અને વોટર કેનનનો ઉપયોગ કર્યો.

---

### અનુષ્કા શર્મા ઇન્ડસ્ટ્રીના ખાનથી ખૂબ જ ડરે છે, તેણે પોતે જ જણાવ્યું



। મુંબઇ, તા.૧૩ ।

શાહરૂખ ખાન સાથે ફિલ્મ 'રબ ને બના દી જોડી'થી બોલિવૂડમાં ડેબ્યૂ કરનાર અનુષ્કા શર્મા તેની એક્ટિંગની સાથે પોતાની બબલી અને સ્પષ્ટવક્તા સ્ટાઈલ માટે પણ ફેમસ છે. દરેક વ્યક્તિ જાણે છે કે અનુષ્કા ખૂબ જ રમુજી છે અને તે સરળતાથી મિત્રો બનાવે છે. આ જ કારણ છે કે ઈન્ડસ્ટ્રીમાં અભિનેત્રીના માત્ર એક નહીં પરંતુ ઘણા નજીકના મિત્રો છે. પરંતુ અહીં અમે તમને તે અભિનેતાનો પરિચય કરાવી રહ્યા છીએ. જેના કારણે અનુષ્કા પણ ખૂબ ડરી ગઈ છેઅનુષ્કા શર્માએ પોતાના અભિનય કરિયરમાં અત્યાર સુધી ઘણી સુપરહિટ ફિલ્મોમાં કામ કર્યું છે. આટલું જ નહીં તે અભિનેત્રીઓની યાદીમાં અનુષ્કાનું નામ પણ સામેલ છે. જેણે ઈન્ડસ્ટ્રીના ત્રણેય ખાન એટલે કે શાહરૂખ, આમિર અને સલમાન ખાન સાથે કામ કર્યું છે.હવે તમે વિચારતા હશો કે આટલા મોટા સ્ટાર્સ સાથે કામ કરી ચૂકેલી અનુષ્કા ક્યા એક્ટરથી ડરે છે.

### દેશ હાડકા ભરી દેનારી ઠંડીની ઝપેટમાં

# ગંભીર ચક્રવાતી તોફાનની દસ્તક । છ રાજ્યોમાં ભારે વરસાદ । ૧૧માં શીત લહેર

### ભારતીય હવામાન વિભાગે આગામી એક સપ્તાહ સુધી દેશભરમાં શીત લહેર, ગાઢ ધુમ્મસ, હિમવર્ષા અને ભારે વરસાદની ચેતવણી જારી કરી

। નવીદિલ્હી, તા.૧૪ ।

એક તરફ દેશ હાડકા ભરી દેનારી ઠંડીની ઝપેટમાં છે. બીજી તરફ એક તીવ્ર ચક્રવાતી તોફાન દસ્તક આપી રહ્યું છે. ભારતીય હવામાન વિભાગે આગામી એક સપ્તાહ સુધી દેશભરમાં શીત લહેર, ગાઢ ધુમ્મસ, હિમવર્ષા અને ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. રિપોર્ટ્સ અનુસાર, ઠંડી વધવાના ઘણા કારણો છે. ઉદાહરણ તરીકે, પશ્ચિમ-ઉત્તર ભારતમાં ૧૨.૬ કિલોમીટરની ઊંચાઈએ ૨૭૮ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પણ સક્રિય છે, જેના કારણે બરફ પીગળી રહ્યો છે અને ઉત્તર ભારત-મધ્ય ભારત સૂકી ઠંડીની લપેટમાં છે.પાકિસ્તાનમાં સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા થઈ રહી છે. મન્નારની ખાડી અને તેની આસપાસના વિસ્તારોમાં



નીચા દબાણનો વિસ્તાર બન્યો છે. તે પશ્ચિમ તરફ આગળ વધે અને આગામી ૨૪ કલાકમાં ઘટે તેવી શક્યતા છે. ૧૪ ડિસેમ્બરની આસપાસ દક્ષિણ આંદામાન સમુદ્રમાં અપર એર સાયક્લોન સર્જાય તેવી શક્યતા છે. તે ૧૫ ડિસેમ્બરની આસપાસ નીચા દબાણનો વિસ્તાર રચે અને આગામી ૪૮ કલાક દરમિયાન પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ તમિલનાડુના કિનારા તરફ આગળ વધે તેવી શક્યતા છે. તેની અસરને કારણે દક્ષિણ ભારતના ઘણા રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પંજાબ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, ગંગાજળ પશ્ચિમ બંગાળ, બિહાર અને ઝારખંડમાં શીત લહેરથી લઈને ગંભીર શીત લહેર આવવાની સંભાવના છે.

### રશિયાએ યુક્રેન પર ભયાનક હુમલા કર્યા

## રશિયાએ યુક્રેન પર ક્રૂઝ મિસાઈલનો વરસાદ કર્યો, ડ્રોનથી પણ હુમલો કર્યો

### યુક્રેનના ઉર્જા મંત્રીએ પોતાના ફેસબુક પેજ પર આ માહિતી આપી હતી, "દુશ્મનનો આતંક ચાલુ છે,"

। મોસ્કો, તા.૧૪ ।

રશિયાએ યુક્રેન પર ભયાનક હુમલા કર્યા છે. રશિયાએ આ હુમલાઓમાં ડઝનેક ક્રુઝ મિસાઈલ અને ડ્રોનનો વ્યાપક ઉપયોગ કર્યો છે. રશિયન સૈન્ય યુક્રેનિયન ઊર્જા સ્થાપનોને નિશાન બનાવે છે. યુક્રેનના ઉર્જા મંત્રી હર્મન હ્યુશેક્કોએ પોતાના ફેસબુક પેજ પર આ માહિતી આપી હતી. "દુશ્મનનો આતંક ચાલુ છે," તેમણે કહ્યું. યુક્રેનની વાયુસેનાએ કહ્યું કે ગત રાત્રે યુક્રેન પર અનેક ડ્રોન હુમલા કરવામાં આવ્યા હતા અને તે પછી ક્રુઝ મિસાઈલ પણ દેશના એરસ્પેસમાં છોડવામાં આવી હતી. વાયુસેનાએ કહ્યું કે રશિયાએ યુક્રેનના પશ્ચિમી વિસ્તારો સામે 'કિંજાલ' બેલેસ્ટિક મિસાઈલનો પણ ઉપયોગ કર્યો છે. આ હુમલાઓ બાદ આશંકા વધી છે કે રશિયા શિયાળાની શરૂઆતમાં યુક્રેનની વીજ ઉત્પાદન ક્ષમતાને નષ્ટ કરવાનો હેતુ ધરાવે છે.દરમિયાન, અત્રે એ પણ જણાવી દઈએ કે, રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધની વચ્ચે યુક્રેનના ટોચના સૈન્ય કમાન્ડરે કહ્યું છે કે રશિયાના સતત આક્રમણ બાદ પૂર્વી યુક્રેનના મુખ્ય શહેર પોકરોવસ્કની આસપાસ યુદ્ધ વધુ ઉગ્ર બન્યું છે. રશિયન દળો હવે શહેરથી થોડાક કિલોમીટર દૂર છે. પોકરોવસ્ક શહેર યુક્રેન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.તાજેતરમાં, યુક્રેનના આર્મી ચીફ જનરલ ઓલેક્ઝાન્ડર સિરસ્કીએ ફેસબુક પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે કબજે કરી રહેલા રશિયનો તેમના તમામ ઉપલબ્ધ દળોને તૈનાત કરી રહ્યા છે અને અમારા સૈનિકોના સંરક્ષણને તોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે તેમની સેનાની સંખ્યા ઓછી છે.

### રશ્મિકા મંદાન્નાએ બે અભિનેતાઓને પોતાની સફળતાનો શ્રેય આપ્યો



। મુંબઇ, તા.૧૩ ।

શ્રીવલ્લી તરીકે ઓળખાતી રશ્મિકા મંદાન્નાએ ફરી એકવાર દર્શકોના દિલ જીતી લીધા છે. અભિનેતા હાલમાં 'પુષ્પા ૨' માં તેના અભિનય માટે વખાણ કરી રહ્યો છે. ચાહકોની પ્રશંસા પર પ્રતિક્રિયા આપતા, રશ્મિકાએ અલ્લુ અર્જુન અને રણબીર કપૂરને 'તે આજે છે તે અભિનેતાઓ' માટે શ્રેય આપ્યો છે.એક એકસ યુઝરે એનિમલ ફિલ્મ માટે રણબીર કપૂર અને પુષ્પા ૨ માટે અલ્લુ અર્જુન સાથે રશ્મિકા મંદાન્નાનો ફોટો શેર કરી લખ્યું છે કે, "રશ્મિકા મંદાન્ના નામની એક છોકરી પર બે આલ્ફા પુરુષોનું વર્ચસ્વ છે." આના પર, અભિનેત્રીએ વળતો જવાબ આપ્યો, "આ માણસો સાથે અભિનય કરીને મારા માટે ખૂબ જ ઊંચો દર સ્થાપિત કર્યો છે. આ એકદમ પાગલપણ જેવું છે અને હું ખૂબ જ ખુશ છું. હું આજે જે છું તે આ બે અભિનેતાઓને કારણે છું.ચાહકોએ રશ્મિકાના નિવેદન પર પ્રતિક્રિયા આપી છે, જેમાં એકે ટિપ્પણી કરી, "જ્યારે તેનું પ્રદર્શન (પર્ફોમન્સ) છે ત્યારે રશ્મિકાએ તેનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે."

---

### 'અમેરિકન સંસદ બાંગ્લાદેશ પર પગલાં લેવાનો સમય આવી ગયો છે'

। વોશિંગ્ટન, તા.૧૪ ।

યુએસ કોંગ્રેસ (સંસદ)ના ભારતીય મૂળના સભ્ય શ્રી થાનેદારે બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુઓ પર હુમલાનો મુદ્દો ઉઠાવ્યો છે અને કહ્યું છે કે હવે સમય આવી ગયો છે કે સંસદ આ બાબતે પગલાં લે. થાનેદારે યુએસ સંસદના નીચલા ગૃહ પ્રતિનિધિ સભામાં જણાવ્યું હતું કે, "બહુમતી ટોળાએ હિંદુ મંદિરો, હિંદુ દેવી-દેવતાઓ અને હિંદુઓ કે જેઓ શાંતિપૂર્વક તેમના ધર્મનું પાલન કરે છે તેનો નાશ કર્યો છે કે યુએસ કોંગ્રેસ અને યુએસ સરકાર પગલાં લે છે."થાનેદારે કહ્યું કે બાંગ્લાદેશમાં હિંદુઓ પરના આવા અત્યાચારો તરત જ બંધ થાય તે માટે આપણે દરેક સંભવિત માધ્યમોનો ઉપયોગ કરવો પડશે, ત્યારથી દક્ષિણ એશિયાના દેશમાં હિંદુઓ વિરુદ્ધ કથિત હિંસાનો મુદ્દો સતત ઉઠાવવામાં આવ્યો છે. તેમણે આરોપ લગાવ્યો, "૧૯૭૧માં બાંગ્લાદેશને પાકિસ્તાનથી આઝાદી મળી ત્યારથી લઘુમતી હિંદુઓ પર ઘણી વખત હુમલા થયા છે. તાજેતરમાં, અમે એક હિંદુ પૂજારીની ધરપકડ અને તેના વકીલની હત્યા કરતા જોયા છે."

### દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિની મુશ્કેલીઓ વધી, સંસદે યોલેને હટાવવા માટે મત આપ્યો

। સિઓલ, તા.૧૪ ।

દક્ષિણ કોરિયાની સંસદે રાષ્ટ્રપતિ યુન સુક યેઓલ વિરુદ્ધ મહાભિયોગ માટે મતદાન કર્યું છે. રાષ્ટ્રપતિ યોલે દેશમાં માર્શલ લો લાદવાના નિર્ણય બાદ વિવાદોમાં ફસાયા હતા. જોકે, જાહેર વિરોધ અને નેશનલ એસેમ્બલીની આકરી ટીકા બાદ તેમણે તેને પાછું ખેંચી લીધું હતું. તમને જણાવી દઈએ કે દક્ષિણ કોરિયામાં માર્શલ લો માત્ર છ કલાક જ ચાલ્યો હતો.માર્શલ લોના કારણે વિપક્ષી પાર્ટીઓએ રાષ્ટ્રપતિ યૂન પર મહાભિયોગ કરવાનો પ્રયાસ કર્યો. જો કે, દરખાસ્ત નિષ્ફળ ગઈ કારણ કે મોટાભાગના શાસક પક્ષના સાંસદોએ મતદાનનો બહિષ્કાર કર્યો હતો.

**ભારતીયોનો પણ સમાવેશ** | **ચાર ભારતીય અમેરિકનો છે મીરા સચદેવા, બાબુભાઈ પટેલ, કૃષ્ણા મોટે અને વિક્રમ દત્તા**

# જો બિડેને જતા જતા ૧૫૦૦ કેદીઓની સજા માફ કરી

। વોશિંગ્ટન, તા.૧૪ ।

અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેનનો કાર્યકાળ આવતા વર્ષે જાન્યુઆરીમાં સમાપ્ત થઈ રહ્યો છે. આ પહેલા તેઓ ઘણા મોટા નિર્ણયો લઈ રહ્યા છે. આ સંબંધમાં તેણે અમેરિકન જેલમાં બંધ ૧૫૦૦ જેટલા કેદીઓની સજા માફ કરી દીધી છે. જેમાં ભારતીય મૂળના ચાર અમેરિકનોનો સમાવેશ થાય છે. પ્રાપ્ત સમાચાર મુજબ, આ ચાર ભારતીય અમેરિકનો છે મીરા સચદેવા, બાબુભાઈ પટેલ, કૃષ્ણા મોટે અને વિક્રમ દત્તા.યુએસ પ્રમુખ બિડેને એક નિવેદન જારી કરીને



કહ્યું કે, અમેરિકા શક્યતાઓ અને બીજી તકોના વચન પર બાંધવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ તરીકે, મને તે લોકો પ્રત્યે દયા બતાવવાનો મહાન લહાવો મળ્યો છે.

આ લોકો પસ્તાવાની સાથે-સાથે દુઃખી પણ છે અને સમાજના મુખ્ય પ્રવાહમાં પાછા ફરવા માંગે છે. તેમાં ખાસ કરીને ડ્રગ વ્યસનના કેસમાં દોષિત ઠરેલા લોકોનો સમાવેશ થાય છે. તેણે વધુમાં કહ્યું કે તેથી જ આજે હું આવા ૩૯ લોકોને માફ કરી રહ્યો છું. હું લગભગ ૧,૫૦૦ લોકોની સજા પણ માફ કરી રહ્યો છું જેઓ જેલમાં લાંબી સજા કાપી રહ્યા છે. તાજેતરના સમયમાં એક દિવસમાં લેવામાં આવેલી આ સૌથી મોટી માફીની કાર્યવાહી છે.તમને જણાવી દઈએ કે, ડિસેમ્બર ૨૦૧૨ માં, ડૉ. મીરા સચદેવાને મિસિસિપીના ભૂતપૂર્વ કેન્સર સેન્ટરમાં છેતરપિંડી કરવા બદલ ૨૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી અને લગભગ ૮.૨ મિલિયન પરત કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. હવે તે ૬૩ વર્ષની છે.

બાબુભાઈ પટેલને ૨૦૧૩ માં હેલ્થકેર છેતરપિંડી, ડ્રગ કાવતરું અને ડ્રગ ઉલ્લંઘનના ૨૬ ગુનામાં ૧૭ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. ૨૦૧૩ માં પણ, ૫૪ વર્ષીય ક્રિષ્ના મોટેને ૨૮૦ ગ્રામથી વધુ ક્રેક કોકેઈન અને ૫૦૦ ગ્રામથી વધુ ક્રેક કોકેઈનનું વિતરણ કરવાના કાવતરામાં દોષી ઠેરવવામાં આવ્યા બાદ અને ક્રેક કોકેઈનનું વિતરણ કરવામાં સહાયક અને પ્રેરક હોવાના કારણે તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.

---

### ખોદકામ દરમિયાન પ્રાચીન કૂવો પણ મળ્યો

### નગર હિન્દુ સભાના આશ્રયદાતા વિષ્ણુ શરણ રસ્તોગી દાવો કરે છે કે મંદિર ૧૯૭૮ પછી ફરી ખોલવામાં આવ્યું છે

# સંભલ જિલ્લામાં ૪૬ વર્ષ પછી ખુલ્યું મંદિર પોલીસકર્મીઓએ શિવલિંગની સફાઈ કરી

। લખનૌ, તા.૧૪ ।

ઉત્તર પ્રદેશના સંભલમાં પ્રશાસને મોટી કાર્યવાહી કરતા ૪૬ વર્ષ બાદ મંદિરના દરવાજા ખોલ્યા છે. આ મંદિર એ જ વિસ્તારમાં છે જ્યાં હિંસા થઈ હતી અને લાંબા સમયથી બંધ હતું. હવે જ્યારે પ્રશાસને મંદિરના દરવાજા ખોલ્યા તો અંદર ધૂળ જામી હતી. આવી સ્થિતિમાં, પોલીસકર્મીઓએ જાતે જ પોતાના હાથે શિવલિંગ અને અન્ય દેવી-દેવતાઓની મૂર્તિઓની સફાઈ કરી. મંદિરના ઉદઘાટનનો વીડિયો પણ સામે આવ્યો છે. આ વીડિયોમાં એક પોલીસકર્મી મંદિરની ઘંટડી વગાડતો જોઈ શકાય છે. નગર હિન્દુ સભાના આશ્રયદાતા વિષ્ણુ શરણ રસ્તોગી દાવો કરે છે કે મંદિર ૧૯૭૮ પછી ફરી ખોલવામાં આવ્યું છે.નગર હિંદુ સભાના



આશ્રયદાતા વિષ્ણુ શરણ રસ્તોગીએ જણાવ્યું હતું કે, "અમે ખગ્ગુ સરાઈ વિસ્તારમાં રહેતા હતા. અમારું નજીકમાં (ખગ્ગુ સરાઈ વિસ્તારમાં) એક ઘર છે. ૧૯૭૮ પછી, અમે ઘર વેચીને જગ્યા ખાલી કરી હતી. ભગવાનનું આ મંદિર શિવ અમે આ વિસ્તાર છોડી દીધો છે અને આ જગ્યાએ કોઈ પૂજારી નથી રહેતા અમે મંદિર બંધ કરી દીધું છે પૂજારીએ અહીં રોકાવાની હિંમત ન કરી અને આજે તેને ખોલી દેવામાં આવ્યું છે.

સંભલના એસડીએમ વંદના મિશ્રાએ કહ્યું, "જ્યારે અમે વીજળી ચોરી વિરુદ્ધ અભિયાન ચલાવી રહ્યા હતા, ત્યારે અમને એક મંદિર મળ્યું. વિસ્તારના લોકોએ જણાવ્યું કે મંદિર ૧૯૭૮થી બંધ હતું. મંદિરને ખોલીને સાફ કરવામાં આવ્યું છે. મંદિર પરનું અતિક્રમણ દૂર કરવામાં આવશે." દરમિયાન, એડિશનલ એસપી શ્રીશ ચંદ્રાએ જણાવ્યું હતું કે, "અમને મંદિરની સામે એક પ્રાચીન કૂવો હોવાની માહિતી મળી હતી.

# ગુડ મોર્નિંગ ગુજરાત

આજનું તાપમાન

સૂર્યોદય - 5:55 સૂર્યાસ્ત - 7:17

| | | | |
|---|---|---|---|
| અમદાવાદ | 40.0 | રાજકોટ | 36.0 |
| ગાંધીનગર | 30.0 | સુરત | 33.0 |
| વડોદરા | 39.0 | નલિયા | 32.0 |

પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

LOK PATRIKA

Ahmedabad, Sunday 15-12-2024




## બેદરકારી બદલ રૂરલ પોલીસ સ્ટેશનના પીઆઇ સસ્પેન્ડ

। હિંમતનગર, તા.૧૪ ।

મોડાસામાં રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા.આઈજી વિરેન્દ્રસિંહ યાદવે પીઆઈએસ.એચ. ગૌસ્વામીને સસ્પેન્ડ કર્યા. પોલીસ ઈન્સ્પેક્ટર સામે ફરજમાં બેદરકારી બદલ વિભાગ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી. સાયબર ક્રાઈમની ટીમે મોડાસાથી દારૂ ભરેલ ટ્રક ઝડપી હતી. આ વિસ્તારમાં ગુનાહીત પ્રવૃત્તિઓ પર અંકુશ અને નિયંત્રણની જવાબદારી પોલીસ સ્ટેશનના ઈનચાર્જની હોય છે. સાયબર ટીમે દારૂ ભરેલ ટ્રક પકડી તો ફરજ પરના પીઆઈ તેમની ફરજ કેવી રીતે ચૂકી ગયા. જેને લઈને સવાલ ઉઠતા વિભાગ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી.રાજ્યમાં વધતા ગુનાને લઈને પોલીસ વિભાગ સાથે ક્રાઈમ પોલીસ પણ વોચ રાખી રહી છે.

### જૂની મિલકતોના માલિકોને શિકાર બનાવ્યા હતા

# ૫૬૦ કરોડના ૧૭ બોગસ દસ્તાવેજો બન્યા રાજકોટની કૌભાંડી ત્રિપુટીએ રચ્યો ખેલ

**સર્વે નંબરમાં આવેલી ૩૬૬૩.૭૦ ચોરસવાર બિનખેતી થયેલી જમીન કે જેની અંદાજિત કિંમત રૂ.૧૫ કરોડ થાય છે**

। માહિતી બ્યુરો,રાજકોટ,તા.૧૪ ।

રાજકોટ શહેરમાં ૧૭ બોગસ દસ્તાવેજો બનાવવાનું કારસ્તાન પ્રકાશમાં આવ્યા બાદ તેમાં કૌભાંડી ત્રિપુટીનું નામ ખુલ્યું હતું. આ કૌભાંડી ત્રિપુટીઓએ પોતાનું કારસ્તાન છતું ન થાય તે માટે રાજકોટ શહેર આસપાસની કિંમતી જમીનના બોગસ દસ્તાવેજો બનાવવા ૫૨ વર્ષ જૂની મિલકતોના માલિકોને શિકાર બનાવ્યા હતા.



જેમાં મળતી માહિતી મુજબ તમામ વિગતો ખુલ્લા પ્લોટ અથવા ખેતીની જમીન હોવાનું જણાય છે. કૌભાંડી ત્રિપુટીએ રૈયા સર્વે નંબરમાં આવેલી ૩૬૬૩.૭૦ ચોરસવાર બિનખેતી થયેલી જમીન કે જેની અંદાજિત કિંમત રૂ.૧૫ કરોડ થાય છે તેના ૯ જેટલા દસ્તાવેજો બનાવી લીધા હતા.

આ ઉપરાંત રાજકોટ શહેરના રેવન્યૂ સર્વે નં.૬૬ની રૂ.૩૩૫ કરોડની કિંમતની ૨૨ એકર ૧૭ ગુંઠા ખેતીની જમીન, મવડીની રૂ.૧૨૦ કરોડની અંદાજિત કિંમતની ૮ એકર ૧૦ ગુંઠા ખેતીની જમીન, માંડા ડુંગરની રૂ.૨૧ કરોડની ૩ એકર ૧૫ ગુંઠા ખેતીની જમીન, રૈયાની રૂ.૬૫ કરોડની ૪ એકર ૧૫ ગુંઠા ખેતીની જમીનના પણ આરોપીઓએ બોગસ દસ્તાવેજો બનાવ્યા હતા. આ કૌભાંડમાં અન્ય કેટલા આરોપીઓની સંડોવણી છે તે પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.રાજકોટ શહેરમાં ૧૭ બોગસ દસ્તાવેજો બનાવવાનું કારસ્તાન પ્રકાશમાં આવ્યા બાદ તેમાં કૌભાંડી ત્રિપુટીનું નામ ખુલ્યું હતું. આ કૌભાંડી ત્રિપુટીઓએ પોતાનું કારસ્તાન છતું ન થાય તે માટે રાજકોટ શહેર આસપાસની કિંમતી જમીનના બોગસ દસ્તાવેજો બનાવવા ૫૨ વર્ષ જૂની મિલકતોના માલિકોને શિકાર બનાવ્યા હતા.કૌભાંડી ત્રિપુટીએ રૈયા સર્વે નંબરમાં આવેલી ૩૬૬૩.૭૦ ચોરસવાર બિનખેતી થયેલી જમીન કે જેની અંદાજિત કિંમત રૂ.૧૫ કરોડ થાય છે તેના ૯ જેટલા દસ્તાવેજો બનાવી લીધા હતા.

### પોતાની ઓળખ રિટાયર્ડ મામલતદાર તરીકેની આપી હતી

### કઠલાલ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા બે આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરાઈ છે

# ખેડાના કઠલાલમાં સરકારી જમીન સસ્તા ભાવે આપવાની લાલચ આપી ૧.૧૦ કરોડની ઠગાઈ

। પ્રતિનિધિ, ખેડા, તા.૧૪ ।

જિલ્લાના કઠલાલના ખલાલ પાસે સરકારી જમીન સસ્તા ભાવે આપવાની લાલચ આપી ઠગાઈ કરવાની ઘટના સામે આવી છે. જેમાં અમદાવાદના કઠવાડા જીઆઈડીસીમાં ફેબ્રિકેશનની કંપનીના માલિકને બીજી કંપની માટે જમીન જરૂર હોવાથી આણંદના રાજુ ઉર્ફે યુસુફ વ્હોરાએ રિટાયર્ડ મામલતદાર તરીકેની ઓળખ આપી હતી. જે બાદ સસ્તા ભાવે સરકારી જમીન આપવાની લાલચ આપી થોડા થોડા કરી રૂપિયા ૧.૧૦ કરોડ પડાવ્યા હતા. ત્યારબાદ અમદાવાદ ખાતે આવેલી ઓફીસને તાળા મારી ફરાર થઈ ગયો હતો. જે મામલે કઠલાલ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા બે આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરાઈ છે.અમદાવાદ નિકોલમાં રહેતા સંદીપભાઈ દલપતભાઈ પંચાલ કઠવાડા જીઆઈડીસીમાં અંબા ઈન્ડસ્ટ્રીઝ નામની ફેબ્રિકેશનની કંપની ધરાવે છે. જ્યાં તેમના મિત્રએ પ્રવિણભાઈને બીજી કંપની નાખવા માટે અન્ય જગ્યાએ જમીન જોઈએ છે તેની વાત કરી હતી. જેથી પ્રવિણભાઈએ યુસુફભાઈ ઉર્ફે રાજુભાઈ રસુલભાઈ વ્હોરા સાથે મુલાકાત કરાવી હતી. જેણે પોતાની ઓળખ રિટાયર્ડ મામલતદાર તરીકેની આપી હતી.






















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya